॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

સપ્ટેમ્બર ૨૦૧૪
રૂ. ૫/૦૦



શ્રીકૃષ્ણ જન્માષ્ટમીની મહાઆરતી ઉતારતા મહંત સ્વામી તથા યજમાનશ્રીઓ-ભુજ







સહજાનંદ એરલાઈન્સમાં હિંડોળા
દર્શને આવતા ભકત સમુદાય તથા
ચલણીનોટો તથા ફળના હિંડોળામાં
ઝુલતા શ્રી હરિકૃષ્ણ મહારાજ – ભુજ





શ્રી કૃષ્ણ જન્માષ્ટમીની મહાઆરતી બાદ મટકી ફોડતા ભકતજનો - અંજાર



રોટલીના મશીનનું ઉદ્‌ઘાટન કરતા સંતો - માંડવી




રાપર કચ્છ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં હિમાલય તથા માનસરોવરનાં દર્શન - (રાપર-વાગડ)






જિલ્લા કક્ષાએ થ્રો બોલમાં ચેમ્પીયન થયેલ તેમજ યોગાસન સ્પર્ધામાં વિજેતા થયેલ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓ - ભુજ

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः । रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥

## ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક





પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ ૨૦ કુલ્લ અંક ૨૦૯

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ - ૧૪ અંક - ૯ - સપ્ટેમ્બર – ૨૦૧૪
સળંગ અંક - ૩૪૫

પ.પૂ.ધ.ધૂ ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**

અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**

શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક ::**

સ.ગુ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિધ્ધ કર્યું.

**:: તંત્રી ::**

શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**

શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી


## લેખકોને ખાસ વિનંતી

- **આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.**
- **લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.**
- **લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.**
- **કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.**
- **ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.**
- **કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.**
- **સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.**

| | |
|---|---|
| દેશમાં | આજીવન સભ્ય રૂા. ૫૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૫૧/- |
| વિદેશમાં | આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/- |
| | વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/- |

- **અંક દર માસે નિયત સમયે પ્રસિધ્ધ થશે.**
- **પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.**


**: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ :**

**શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય**

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧.

ફોન : (૦૨૮૩૨) ૨૫૦૪૩૧ ટેલીફેક્સ (૦૨૮૩૨) ૨૫૦૧૩૧

**E-mail :** sandesh@bhujmandir.org • info@bhujmandir.org

**website :** www.bhujmandir.org

# તંત્રીની કલમે

श्रध्धया क्रियते यत् तत् – શ્રધ્ધાથી જે કરવામાં આવે તે શ્રાધ્ધ. શ્રાધ્ધમાં શ્રધ્ધા શબ્દ સમાયેલો છે.

શ્રધ્ધા કરવા પાછળનો એક ઉદ્દેશ છે કે દેવતાઓનું ઋષિઓનું અને પિતૃરોનું આપણા પર જે ઋણ રહેલું છે. કૃતજ્ઞતાપૂર્વક તેમનું સ્મરણ કરીને તેમને તર્પણ કરવું તેમને તૃપ્ત કરવા એ આપણી નૈતિક ફરજ રહેલી છે.

ભારતીય સંસ્કૃતિની મહાનતા, દિવ્યતા, ભવ્યતા આપના ઋષિઓને આભારી છે. તેમણે દિવ્ય વિચારસરણી આપેલી છે. શ્રાધ્ધ કરતી વેળાએ મારે પણ મારા પિતૃરોની જેમ એક દિવસ જવાનું છે તે યાદ કરી સત્કર્મનું ભાથું બાંધવાનો દિવસ છે.

દેહ મુક્યા પછી સ્વર્ગનું સુખ પ્રાપ્ત થશે કે રૌરવ નર્કમાં કષ્ટદાયક અસહ્ય પીડાથી રીબાઈને અનેક યાતનાઓ ભોગવવી પડશે એ બાબત શ્રીહરિએ તો મનુષ્યના હાથમાં જ સોંપી છે. આ જન્મમાં જેવા કર્મો કરે તદાનુસાર તેવું સ્થાન મૃત્યુ પછી પ્રાપ્ત થાય છે. જે વ્યક્તિ ઈશ્વરની પ્રસન્નતા - અપ્રસન્નતાનો વિચાર કરી, તે પ્રત્યે સતત જાગૃત રહી પોતાનું જીવન સદાચાર, ભક્તિ અને નીતિથી વ્યતીત કરે છે, પ્રાર્થના કરતી વખતે સંપૂર્ણ શ્રધ્ધા અને મનનો મધુરભાવ બધું જ ઈશ્વરના હાથમાં સોંપી દે છે. સત્સંગ દ્વારા જીવને ભગવાનમાં હેત કરવા, સત્કાર્યો દ્વારા પુણ્ય કમાઈને શ્રી સહજાનંદ સ્વામીની આજ્ઞાઓને અનુસરે છે તેને અવશ્ય અક્ષરધામની પ્રાપ્તિ થાય છે. આ ભવમાં પુણ્ય કમાઈને આવતા ભવને સુધારી લેવાની તક સૌને મળી છે. પરંતુ આ બાબતનું મહત્ત્વ સમજ્યા વિના નશ્વર ભૌતિક સુખોની પ્રાપ્તિ અર્થે તેમજ ઈન્દ્રિયોના ક્ષણભંગુર સુખો ભોગવવા કાજે અનૈતિક માર્ગે વગર વિચારે આગળ વધીને એવો તો ગૂંચવાઈ જાય છે કે મોહની માયાજાળમાંથી મુક્ત થઈ શકતો નથી અને ભક્તિથી વિમુખ થતો જાય છે. જે માનવ ભગવાનથી દૂર થાય તેને ક્યારેય પણ શાશ્વત સુખ-શાંતિ પ્રાપ્ત થતા નથી કારણ કે સુખ ભગવાન સમીપ છે. ભવાટવીમાં ભટકતા આવા દુરાચારી માનવને સત્સંગ અને સંતો જ ઉગારી શકે છે. સંત સમાગમથી તૃષ્ણાનો ક્ષય થાય છે. તૃષ્ણા એટલે ભૌતિક પદાર્થો દ્વારા સુખ પ્રાપ્તિની આશક્તિ. સંયમા દ્વારા ઈચ્છાઓ પર અંકુશ રાખવાની તેમજ આશક્તિ નાબૂદ કરી સારા-નરસાનું વિવેક ભાન સંતો જ કરાવી શકે છે. જે અનુરાગી માનવ વિષયાક્ત બની કુવિચારોના કાદવને કંચન માની પોતાના દેહનો દુરુપયોગ કરે છે તેને ઘોર નર્કની યાતના ભોગવવી પડે છે. જ્યારે સંત સમાગમથી વિવેકભાનની જાગૃતિ થતાં વિરક્તિ થાય છે જે સાચી મુક્તિ અપાવે છે. આવા લોકો આ જન્મમાં જ સ્વર્ગનું સુખ ભોગવી જીવનનો આનંદ માણી શકે છે.

# વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન



વેદોપબૃંહણ રૂપ ઉપનિષદ્ ગ્રન્થ યુગ

લેખાંક-૩૪

લેખક : ડો. સ્વામી સત્યપ્રસાદદાસજી



**તૈત્તિરીયોપનિષદ**

(ભારતીય પ્રાચીન શિક્ષા પ્રદ્ધતિનું દર્શન કરાવતું આ ઉપનિષદ્ ભારતીય ઉચ્ચતમ શિક્ષાનો વારસો - પરંપરાનો આ શ્રેષ્ઠ પુરાવો છે. હજારો વર્ષો પહેલા જ્યારે દૂનિયામાં અન્યદેશોમાં શિક્ષા જેવું કાઈ ન હતું ત્યારે ભારતવર્ષમાં ગુરુકુળોમાં ઉત્તમ શિક્ષા ઋષિઓ દ્વારા આપવામાં આવતી હતી. શિક્ષા માત્ર આત્મોદ્ધાર માટે જ ભણાવવામાં આવતી હતી એવું ન હતું પરન્તુ આ સંસારમાં સુખેથી કેવી રીતે જીવન જીવી શકાય તેનું પણ શિક્ષણ આપવામાં આવતું હતું તેનું ઉત્તમ ઉદાહરણ આ ઉપનિષદ્ની પ્રથમ વલ્લીમાં જોવા મળે છે. આહીં તૈત્તિરીયોપનિષદમાં શિક્ષા પદ્ધતિ તેમજ ગુરુ - શિષ્યનો પરસ્પર મધુર સંબન્ધોની ઉત્તમ પરંપરાનો સાક્ષાત્કાર પણ જોઈ આહીયાં જોવા મળે છે.)

**તૈત્તિરીયોપનિષદનો પરિચય**

(ઉપનિષદ્ભાષ્યકાર યોગીરાજ સદ્ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામીએ મુર્ધન્ય દશોપનિષદ્ પર સંસ્કૃતમાં ભાષ્ય લખીને બ્રહ્મવિદ્યાના જિજ્ઞાસુઓ ઉપર બહું મોટો ઉપકાર કર્યો છે. ઉપનિષદ્ની બ્રહ્મવિદ્યાના ગહનાર્થને અતિ સરલ સંસ્કૃતભાષામાં સમજાવીને બ્રહ્મવિદ્યાનો આ સંસારમાં પ્રચાર-પ્રસાર કરવામાં બહું મોટું યોગદાન આપ્યું છે. તીર્થધામ ભુજ મંદિર દ્વારા પ્રકાશિત થતું 'શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશમાં' "વેદથી વચનામૃત શાસ્ત્રાવતરણનું પ્રયોજન" લેખમાળામાં અત્યાર સુધી આપણે ચારો વેદ, બ્રાહ્મણ્યગ્રન્થો, આરણ્યગ્રન્થો ત્યારપછી ઉપનિષદ્માં ઈશાવાસ્ય, કેનોપનિષદ્, કઠોપનિષદ્, પ્રશ્નોપનિષદ્, મુણ્કોપનિષદ્, તેમજ માણ્ડુક્યોપનિષદ્ સુધીના તમામ વૈદિક ગ્રન્થોનો સંક્ષિપ્ત તેમનો ઉપદેશ અને પરિચય સાથે વચનામૃતના વૈદિક સિદ્ધાન્ત અને ઉપદેશને આપણે જાણ્યો. હવે પછીના લેખમાળામાં સદ્ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામી વિરચિત ભાષ્યાર્થસાથે સાતમું તૈત્તરીયોપનિષનો વિષયાર્થ, ઉપદેશ અને સંક્ષિપ્ત પરિચય આપવામાં આવી રહ્યો છે.)

સદ્ગુરુ શ્રીગોપાળાનંદ સ્વામીએ આ ઉપનિષદ્પર ભાષ્ય લખતાં પહેલાં મંગલાચરણ કરતાં કહે છે " જે હૃદયાકાશમાં મનોમય પુરુષ હિરણ્યમય-અમૃત-નિત્યાનંદસ્વરૂપ છે તેની હુ ઉપાસના કરું છું. એ સહજાનંદ ભગવાન પુરુષોત્તમ તે મારા હૃદય કમળમાં બુદ્ધિને નિર્મળ કરતા પ્રગટ થાવ, જેની પ્રસન્નતાથી

ઉત્પન્ન થયેલી વિશુદ્ધ બુદ્ધિની સમ્પત્તિથી તૈત્તિરીયોપનિષદની વ્યાખ્યા હું કરું છું.''

તૈત્તિરીયોપનિષદ્ કૃષ્ણ યજુર્વેદ સંબંધીત છે. આ ઉપનિષદ્ ૬૩ મંત્રોયુક્ત ગદ્યાત્મક છે. વૈશમપાયન ઋષિએ પોતાના શિષ્ય યાજ્ઞવલ્ક્ય ઋષિને સર્વ પ્રથમ આ ઉપનિષદનો ઉપદેશ કર્યો હતો. પરન્તુ કોઈ કારણસર ગુરુ પોતાના શિષ્ય ઉપર નારાજ થઈ ગયા અને પોતે આપેલા જ્ઞાનને પાછું આપવાનું કહ્યું ત્યારે ગુરુની આજ્ઞાથી યાજ્ઞવલ્ક્ય ઋષિએ ઉલ્ટી કરીને જ્ઞાનને પાછું આપ્યું ત્યારે ત્યાં હાજર રહેલા ગુરુના અન્ય શિષ્યોએ તીતર(તૈત્તિરય) પક્ષી બનીને ગ્રહણ કરી લીધુ. તેથી આ ઉપનિષદનું નામ તૈત્તિરીય ઉપનિષદ એવા નામે પ્રસિદ્ધ થયું. આ ઉપનિષદ્ ત્રણ ભાગોમાં પ્રસિદ્ધ છે. પ્રત્યેક ભાગને ''વલ્લી'' કહેવામાં આવે છે. પહેલા ભાગને ''શિક્ષાવલ્લી'' બીજા ભાગને ''આનંદ વલ્લી'' અને ત્રીજી વલ્લીને ''ભૃગુ વલ્લી'' કહેવામાં આવે છે.

શિક્ષાવલ્લીના ૧૨ અનુવાકો છે, આનંદવલ્લીના ૯ અનુવાકો છે અને ભૃગુવલ્લીના ૧૦ અનુવાકો છે.

શિક્ષાવલ્લીનો પહેલો અનુવાક

આહીં શિક્ષા શબ્દો અર્થ દંડ નહીં પરન્તુ આધ્યાત્મિક અને ભૌતિકતાનું વિશિષ્ટ પ્રકારનું શિક્ષણ એવો અર્થ થાય છે.

લ શં નો મિત્રઃ શં વરુણઃ। આ પહેલા અનુવાકમાં માત્ર શાન્તિ પાઠ છે જેમાં મિત્ર, વરુળ, આર્યમા, ઈન્દ્ર, બૃહસ્પતિ, વિષ્ણુ, વાયુદેવ આદિ જુદા જુદા દેવતાઓ પાસેથી કલ્યાણની પ્રાર્થના કરવામાં આવી છે.

બીજો અનુવાક - લ શીક્ષાં વ્યાખ્યાસ્યામઃ।

'હવે અમે શિક્ષાની વ્યાખ્યા કરીએ છીએ.' એમ પ્રતિજ્ઞા કરીને તૈત્તિરીયના ઋષિ અહીં આ શિક્ષાશાસ્ત્રના મુખ્ય વિષયોને દર્શાવે છે : આ અનુવાકમાં વિદ્યાર્થી (શિષ્યો) વિદ્યાભ્યાસ કરતા હોય ત્યારે શિક્ષામાં વિદ્યાર્થીઓનો 'અ'કારાદિ વર્ણ શબ્દનો ઉચ્ચાર કેવો હોવો જોઈએ તેના વિષે વિશેષ માહિતી આપવામાં આવી છે. જેમ કે - શિક્ષામાં અકારાદિ વર્ણ, ઉદાત્તાદિ સ્વર, હ્રસ્વાદિ માત્રા, બળ (પ્રયત્ન), સામ (ગાવાની રીત) સંધિ (બે શબ્દોની જોડણી) આદિકમાં શિષ્યો સ્પષ્ટ અને નિષ્ણાત હોવા જોઈએ અર્થાત્ વૈદિક મંત્રોના ઉચ્ચારણમાં સ્વર અને વ્યજનનો સ્પષ્ટ ઉચ્ચારણ થવો જોઈએ. કયા શબ્દનો ઉચ્ચારણ મુખના કયા ભાગમાંથી હોવો જોઈએ જેમ કે 'સ' દન્ત્ય છે. 'શ' તાલવ્ય છે. 'ષ' મૂર્ધન્ય છે. આવી રીતે બધા વર્ણો (અક્ષરો)નો ઉચ્ચારણ મુખના તે તે ભાગ થકી થવો જોઈએ. તેમજ સ્વરના વિષયમાં પણ સાવધાન રહેવું જોઈએ જેમ કે - ભાવાનુંસાર બળપૂર્વક ઉચ્ચ સ્વરથી ઉચ્ચારણ કરવાનો છે કે મધ્યમ સ્વરથી અથવા નિમ્ન સ્વરથી ઉચ્ચારણ કરવાનું છે. તેવી જ રીતે હ્રસ્વ ( એક માત્ર) દીર્ઘ ( બે માત્રા) પ્લુત ( બે માત્રાથી વધારે) આ બધી માત્રાઓ તથા આભ્યંતર અને બાહ્ય બળનું પણ ધ્યાન રાખવું જોઈએ. આભ્યન્તરના પાંચ તેમજ બાહ્યના અગિયાર ભેદ માનવામાં આવ્યા છે. જેમ કે - અલ્પપ્રાણ, મહાપ્રાણ, ઘોષ, અઘોષ, સંવૃત, વિવૃત, આદિક. તેવીજ રીતે સંધિ, સ્વર, વિસર્ગનું પણ પૂર્ણ જ્ઞાન હોવું જોઈએ. જ્યારે આ બધા વર્ણના જ્ઞાનમાં શિષ્ય ( વિદ્યાર્થી) નિપુણ થાય પછી જ તેને વેદાદિ શાસ્ત્રોના અભ્યાસનો પ્રારંભ કરવો જોઈએ.

(આજે સામાન્યતઃ વિદ્યાર્થીઓ તેમજ લોકોમાં એવી માન્યતા છે કે સંસ્કૃતભાષા ભણવામાં અતિ કઠિન છે, બોલ-ચાલની ભાષા નથી, કેટલાક સંસ્કૃત વિરોધીઓ તો એવું પણ કહે છે કે સંસ્કૃત ભાષા તો 'મૃત' ભાષા થઈ ગઈ છે. તેનું કારણ એવું જણાવવામાં આવે છે કે સંસ્કૃત ભાષાની વર્ણવ્યવસ્થા બહું કઠિન છે, કોઈ સમજી શકતું નથી, પરન્તુ એવું નથી. સંસ્કૃત ભાષાની વર્ણવ્યવસ્થા એટલી પદ્ધતિસરની (વૈજ્ઞાનિક) છે કે તેને એક વાર થોડી મહેનત કરીને સમજી લેવામાં આવે તો અતિ સરલ છે અને આગળ અભ્યાસ કરવામાં કોઈ પ્રકારની કઠિનાઈ ન આવે. સંસ્કૃત ભાષા તો દેવતાઓની ભાષા અર્થાત્ દેવવાણી કહેવામાં આવે છે અને વિશ્વની તમામ ભાષાઓની માતા છે. ખાસ કરીને ભારતીય તમામ ભાષાઓની માતૃભાષા સંસ્કૃત છે. સંસ્કૃતભાષાની વ્યાકરણ વ્યવસ્થા એટલી ક્રમબધ છે કે

હજારો વર્ષની આ ભાષામાં જરા પણ ફેર નથી પડયો. હજારો વર્ષો પહેલા જે ભાષા બોલાતી- લખાતી હતી એની એજ ભાષા આજે પણ બોલાય છે લખાય છે આવું વિશ્વની કોઈ ભાષામાં નથી. તે તમામ ભાષા દર સો-બસો વર્ષે અપભ્રષ્ટ થતી રહે છે. પરન્તુ સંસ્કૃત ભાષામાં એવું નથી થતું તેથી જ વિશ્વભારના કોમ્પ્યુટરના વિદ્વાનોએ સ્વીકાર્યુ છે કે કોમ્પ્યુટરમાં સૌથી સરલ રીતે જો કોઈ ભાષા ઉપયોગી હોય તો તે સંસ્કૃત ભાષા છે. કારણ કે આ ભાષામાં એક બધતા છે, એક રીતતા છે, એક રૂપતા છે, એક વ્યાકરણ છે જેને કારણે આ ભાષા આજે પણ યથાવત રહી છે.

સંસ્કૃત ભાષા બધી ભાષાની જનની છે. સૌથી પ્રાચીન વેદાદિક શાસ્ત્રો આ જ ભાષામાં લખાયેલા છે તેથી માનવીય સંસ્કૃતિ તેમજ ખાસ કરીને ભારતીય સંસ્કૃતિ આ ભાષા સાથે જોડાયેલી છે. તે થીજ માનવિય તેમજ ભારતીય આપણી સંસ્કૃતિ ટકાવી રાખવા માટે સંસ્કૃત ભાષા સૌ ભારતીયોને ભણવી જોઈએ. આજે વિશ્વના અનેક દેશોના લોકો સંસ્કૃતભાષા પ્રત્યે આકર્ષાયા છે. સંસ્કૃતભાષામાં એવીતે શું વિશેષતા છે કે લાખો વર્ષોથી એક રૂપતામાં રહી છે. કોમ્પ્યુટરમાં સર્વે ભાષામાં પ્રથમ સ્થાન ધરાવે છે. તેથી સંસ્કૃત ભાષા શિખવા માટે અનેક વિદેશીયો ભારતની વિવિધ પાઠશાળામાં અભ્યાસ માટે આવે છે અને મન દઈને અભ્યાસ કરે છે. જર્મન જેવા દેશોમાં તો સંસ્કૃત વિશ્વવિદ્યાલયની સ્થાપના થઈ છે અને વિધિવત્ સંસ્કૃત ભણાવવામાં આવે છે. આવી સરલ અને દેવભાષાને ભણવી એ આપણું કર્તવ્ય છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે સંસ્કૃત ભાષા ભણવા માટે સૌને પ્રોત્સાહિત કર્યા છે અને શિક્ષાપત્રીમાં પણ વિશેષ આજ્ઞા કરી છે કે - **'संस्थाप्य विप्रं विद्वांसं पाठशालां विधाप्य च । प्रवर्तनीया सद्विद्या भुवि यत्सुकृतं महत् ।'** ( शि.श्लोक १३१ ) વિદ્યાર્થીને ભણવાની પાઠશાળા કરાવીને પછી તેમાં એક વિદ્વાન્ બ્રાહ્મણને રાખીને પૃથ્વીને વિષે સદ્વિદ્યાની પ્રવૃત્તિ કરાવવી, કેમ કે જે વિદ્યાદાને કરીને મોટું પુણ્ય થાય છે. બીજી એક આજ્ઞા કરી છે કે - **'कर्तव्यः सच्छास्त्राभ्यास आदरात् ।'** ( शि. श्लोक १२१ ) સચ્છાસ્ત્રનો અભ્યાસ આદરથકી કરવો. **'संस्कृतप्राकृतग्रन्थाभ्यासश्चापि यथामति ।'** शि. श्लोक - ६५ ) સંસ્કૃત અને પ્રાકૃત એવા જે સદ્ગ્રન્થ તેમનો અભ્યાસ પણ પોતાની બુદ્ધિને અનુસરે કરવો. 'पाठनीयाऽधीतविद्या' ( शि. श्लोक - ३६ ) પોતે જે વિદ્યા ભણ્યા હોઈએ તે બીજાને ભણાવવી. આવી રીતે ભગવાન શ્રીસ્વામિનારાયણે સંસ્કૃત અથવા પ્રાકૃત ભાષાને ભણવા માટે સૌને પ્રોત્સાહિત કર્યા છે.)

ક્રમશઃ

## સપ્ટેમ્બર - ૨૦૧૪ મહિનાની આગામી કથાઓ

| તારીખ | ગામનું નામ | યજમાનશ્રીઓ |
|---|---|---|
| ૨૩-૯-૨૦૧૪થી ૨૭-૯-૨૦૧૪ | ભુજ | અ.નિ. વાલબાઈ કરસન માવજી કાનજી વેકરીયાના મોક્ષાર્થે કથા પારાયણ દિવસ પાંચની બળદીયા ઉપલોવાસવાળા તરફથી હસ્તે કરસનભાઈ માવજી સહપરિવાર, અ.નિ. માતુશ્રી તેજબાઈ માવજી તથા અ.નિ. નારણ કરસન, અ.નિ. મનસુખ કરસન, અ.નિ. અમરત કરસન આદિ સર્વેના મોક્ષાર્થે |
| ૨૭-૯-૨૦૧૪થી ૧-૧૦-૨૦૧૪ | ભુજ | અ.નિ. નવિન અરજણ નાથા મેપાણી સુખપર વાળાની કથા દિવસ પાંચની હસ્તે ધનજી જેઠા કેરાઈ સુખપર |
| ૨-૧૦-૨૦૧૪થી ૮-૧૦-૨૦૧૪ | ભુજ | નાઈરોબી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે કથા પારાયણ ૭ દિવસની |

# પર્વતભાઈના જીવનના પ્રેરક પ્રસંગો

પ્રો. મહાદેવભાઈ ધોરિયાણી

પર્વતભાઈ સૌરાષ્ટ્રના 'અગતરાઈ' ગામના વતની હતા. તેમણે રામાનંદ સ્વામી પાસે વર્તમાન ધારણ કર્યા હતા. પીપલાણામાં સ્વામી સહજાનંદ સાથે રામાનંદ સ્વામી રહેતા હતા, ત્યારે પર્વતભાઈ દર્શને ગયા. સ્વામીએ કહ્યું : ''આટલા દિવસ અમે કહેતા હતા કે અમે તો ડુગડુગી વગાડીએ છીએ, ખેલ કરનારા પાછળ આવે છે, તે આ રહ્યા.'' એમ કહી શ્રીહરિને બતાવ્યા.

સંસારમાં રહીને ત્યાગવૃત્તિ ટકાવી રાખવી કઠિન છે. એમને માલમિલકત, પુત્ર પરિવાર પ્રત્યે અનાશક્તિ હતી. એકવાર ખેતરની બધી જ ઉપજ ગાડાંઓ ભરીને ગઢડે લાવ્યા. મહારાજ કહે, ''પર્વતભાઈ ! છોકરા માટે થોડું રાખવું હતું ને ?''

''મહારાજ ! કણબીના છોકરાં ને કૂકડાં બેય સરખાં. ગમે ત્યાંથી દાણા વીણી ખાય ! સંતોની સેવામાં ખેતરની ઉપજ વપરાય એમાં જ અમારા અહોભાગ્ય છે.''

મહારાજે પર્વતભાઈને ત્યાં રહી અનંત લીલાઓ કરી છે. વળી, જન્માષ્ટમીનો મહા મોટો સમૈયો અગતરાઈ મુકામે કર્યો છે.

એકવાર ગોપાળાનંદ સ્વામી પર્વતભાઈના ઘેર પધારેલા.પર્વતભાઈના પુત્ર મેઘજીએ ચાર ધામની યાત્રા કરવા જવાની તૈયારી કરી. પિતાએ કહ્યું, બેટા ! આ મૂર્તિમાન તીર્થ આપણા આંગણે પધાર્યા, માટે એમનો સમાગમ કર, પણ મેઘજીએ માન્યું નહિ. જ્યારે અગતરાઈના ઉગમણા દરવાજે ગયો ત્યારે અડસઠ તીર્થો દેખાય !

મેઘજીએ પૂછ્યું : ''તમે કોણ છો ?''

તેમાના આગેવાને કહ્યું : ''ભાઈ, અમે સમગ્ર ભારતખંડના અડસઠ તીર્થો છીએ, ગોપાળાનંદ સ્વામી અગતરાઈ આવ્યા છે, તેથી ગામની પ્રદક્ષિણા કરીએ છીએ.''

મેઘજી સત્વરે ઘેર આવ્યો અને ગોપાળાનંદ સ્વામીની સેવા - સમાગમ કરી સ્વામીનો રાજીપો મેળવ્યો.

પર્વતભાઈ એક વખત સાંતી હાંકતા હાંકતાં માનસી પૂજા કરી રહ્યા હતા. મહારાજને દહીંને રોટલો જમાડી રહ્યા હતા. સાંતી ચલાવનાર સાથીએ જોયું. અરે ! પર્વતભાઈ તો ઊંઘે છે, એમ કહી પાછળથી જરા ઠેબું માર્યું. આથી દહીં-રોટલો નીચે પડ્યા.

પર્વતભાઈ કહે, મહારાજને દહીં-રોટલો જમાડતો હતો ને ઠેબું વાગ્યું તેથી મારા હાથમાંથી પડી ગયા.પેલા સાથી ખેડૂતે માફી માગી.

એક વખત ગઢડેથી મહારાજે તેમને બોલાવ્યા. તે વખતે ઘેર તેમનો એક દીકરો ખૂબ જ બીમાર હતો. સૌએ બચવાની આશા છોડી દીધી હતી. પરંતુ મહારાજનું કહેણ આવ્યું તેથી તરત જ ચાલી નીકળ્યા. હજુ ભાગોળે પહોંચ્યા હશે, ત્યાંતો દીકરો ગુજરી ગયો. માણસ બોલાવવા આવ્યો. પર્વતભાઈ ઊભા રહો. ભગત સમજી ગયા દીકરાએ દેહ મૂક્યો છે. માણસે કહ્યું. પુત્રે દેહ મૂક્યો પાછા ઘેર આવો. ભગત કહે મહારાજનું કહેણ છે. હું ગઢડે જઈશ. હું આવીશ તોય દીકરો જીવતો નહિં થાય. 'જેવી મહારાજની ઈચ્છા.' એમ વિચારી પહોંચ્યા ગઢડા. અંતર્યામીએ અજાણ્યા થઈ પૂછ્યું : ''કેમ ભગત સુખી છો ને ?''

''સુખી હતો ને વધારે સુખી થયો. મારે ત્યાં આવેલો એક જીવ આપના અક્ષરધામમાં ગયો એ તો વિશેષ આનંદની વાત ને !''

પર્વતભાઈએ માંડીને વાત કરી. પોતે પોતાના વહાલસોયા પુત્રની ઉત્તર ક્રિયા કરવા પણ રોકાયા નહિં.

# સંસ્થા સમાચાર

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરે સ.ગુ. મહંત સ્વામી પ.પૂ. ધર્મનંદનદાસજીની પ્રેરણા તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ વડીલ સંતોના માર્ગદર્શન અનુસાર કથા પારાયણ આદિ વિવિધ ઉત્સવો તથા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું.

## શ્રાવણ સુદ ૧૧ના એકાદશીના દેવોની શિખર પરની ધ્વજાના યજમાનશ્રીઓની નામાવલિ

- કષ્ટભંજન હનુમાન મંડળ, ગરબીચોક - સુખપર જુનોવાસ
- પ.ભ. રતનબેન રામજી દેવજી વેકરીયા - નારણપર
- પ.ભ. મુકેશકુમાર નારણભાઈ હિરાણી - ફોટડી હાલે નૈરોબી
- પ.ભ. ધર્મેશભાઈ નિરંજભાઈ ઠક્કર સુપુત્ર હર્ષ અને ધૃતિ સહપરિવાર - ભુજ
- સાં.યો. મંજુલાબેન મનજી વાગડીયા હ. મનજી કુંવરજી વાગડીયા - સુખપર
- સાં.યો. રામબાઈ પ્રેમજી હાલાઈ
- પ.ભ. ગોવિંદભાઈ પ્રેમજી વરસાણી - ભારાસર
- પ.ભ. પુનિતભાઈ વિનોદ અરજણ કેરાઈ - નારણપર હાલે પર્થ ઓસ્ટ્રેલીયા
- પ.ભ. પિયુષભાઈ વિનોદ કેરાઈ - નારણપર હાલે પર્થ ઓસ્ટ્રેલીયા
- પ.ભ. પ્રતિકકુમાર વિજયભાઈ -આમારા
- પ.ભ. જયપ્રકાશભાઈ વેકરીયા - સુખપર
- પ.ભ. ભરતભાઈ માવજી હિરાણી - ભક્તિનગર
- પ.ભ. સવજીભાઈ રવા વાવીયા હ. રતિલાલભાઈ - રાપર હાલે મુંબઈ
- પ.ભ.પાર્થકુમાર બીપીનભાઈ ઠક્કર - ભુજ
- પ.ભ. આનંદભાઈ મનસુખભાઈ શનિશ્વરા હ. પુષ્પાબેન મનસુખભાઈ - ભુજ
- પ.ભ. હિમાંશુભાઈ શાંતિલાલ દબાસીયા - માનકુવા
- પ.ભ. અમરબેન હરજી ગોરસીયા - રામપર
- પ.ભ. શશીકાંતભાઈ ગૌરીશંકર ઠક્કર - ભુજ
- પ.ભ. પ્રેમજીભાઈ કરસન રાજાણી - રામપર
- પ.ભ. મનજીભાઈ નાનજી કારા - રામપર
- પ.ભ. અ.નિ. ગોવિંદભાઈ મનજી સામજી હિરાણી - ભારાસર
- પ.ભ. આયુષભાઈ જીતેશ હિરાણી - નારણપર
- પ.ભ. રામજીભાઈ પ્રેમજી રાઘવાણી - બળદીયા (ની.વાસ)
- પ.ભ. વાલબાઈ હરજી રત્ના વરસાણી - કોડકી
- પ.ભ. કરસનભાઈ નારણ પિંડોરીયા - માધાપર
- પ.ભ. માવજીભાઈ રામજી રાબડીયા ધ.પ. વાલબાઈ - સુખપર
- પ.ભ. અમૃતબેન પ્રવિણ મેપાણી હ. પ્રવિણભાઈ - સુરજપર
- પ.ભ. ભાવેશભાઈ મનજીભાઈ હિરાણી હ. દેવશીભાઈ કરસન - ભુજ હાલે સીડની ઓસ્ટ્રેલીયા
- પ.ભ. લક્ષ્મણભાઈ માવજી જેસાણી સુત સંજય, જતીન, જયદીપ - દહીંસરા
- પ.ભ. હરજીભાઈ રામજી કેરાઈ સુત માવજી, રોહિત, પ્રેમજી, મીતેશ - રામપર
- પ.ભ. મુળજીભાઈ કરસનભાઈ શિયાણી - ભુજ
- પ.ભ. ભાવેશભાઈ મનજી હિરાણી હા. દેવશી કરસન - ભુજ હાલે સીડની ઓસ્ટ્રેલીયા
- પ.ભ. સુરેશભાઈ વાલજી હિરાણી - મીરજાપર
- પ.ભ. ખીમજીભાઈ નારણ વરસાણી - કોડકી
- પ.ભ. મહેન્દ્રભાઈ ડાહ્યાલાલ ઠક્કર - ભુજ
- પ.ભ. ધનજીભાઈ લક્ષ્મણ કેરાઈ ધ.પ. વાલબાઈ મહંત સાં.યો.સામબાઈ ફઈની પ્રેરણાથી - મીરજાપર
- પ.ભ.સંજયભાઈ ભીમજીભાઈ મોતા મહંત સાં.યો.સામબાઈ ફઈની પ્રેરણાથી - ભુજ

- પ.ભ. નિતિનભાઈ શંકરગર મહંત સાં.યો.સામબાઈ ફઈની પ્રેરણાથી - દહીંસરા
- સહજાનંદ સ્ટીલ હ. પ.ભ. દિનેશભાઈ ભીમજી ભુડીયા તથા કિશોર નારણ હિરાણી - ભક્તિનગર
- પ.ભ. નરેશભાઈ કાનજી કેરાઈ હ. સ્વામી શ્રીજીનંદનદાસજી - મેઘપર હાલે લંડન
- પ.ભ. અલ્પેશભાઈ ગોવિંદ વેકરીયા હ. સાં.યો. નીતાબેન - બળદીયા
- પ.ભ. કરસનભાઈ દેવજી હિરાણી - કેરા
- પ.ભ. કેશરાભાઈ જાદવા વરસાણી - મદનપર
- પ.ભ. કાનજીભાઈ રામજી વાગજીયાણી - સુખપર
- સાં.યો. નીતાબેન ગોપાલ હિરાણી - બળદીયા
- પ.ભ. લાલજીભાઈ પ્રેમજી સેંઘાણી - સુરજપર
- પ.ભ. નવીનભાઈ કરસન સામજી હિરાણી - મીરજાપર
- સાં.યો. વાલબાઈ શીવજી વેકરીયા - નારણપર (ની.વાસ)
- પ.ભ. હરજીભાઈ શીવજી વેકરીયા - નારણપર (ની.વાસ)
- સાં.યો. મીતાબેન ધનજી વરસાણી - સામત્રા
- પ.ભ. શૈલેષભાઈ દામજીભાઈ નાકરાણી - આમારા
- પ.ભ. અ.નિ. નાથાભાઈ નાનજી વાઘાણી હ. વિરમ નાથા વાઘાણી - સુખપર
- પ.ભ. અંકીતભાઈ દિનેશભાઈ જોબનપુત્રા - ભુજ
- પ.ભ. કાનબાઈ સામજી ઝીણા વેકરીયા - નારણપર
- પ.ભ. દિનેશભાઈ જાદવા વેકરીયા - દહીંસરા
- પ.ભ. જગદીશભાઈ વીરજી દબાસીયા પરિવાર - માનકુવા
- પ.ભ. જાદવાભાઈ વિશ્રામ
- પ.ભ. અમૃતબેન શાંતિલાલ સુથાર હ. શાંતિલાલભાઈ પુંજાભાઈ - સુખપર
- પ.ભ. દિનેશભાઈ હ. સાં.યો. નીતાબાઈ - રામપર
- પ.ભ. અજવાડીબેન કાનજી સોહાગીયા હ. સાં.યો. નીતાબાઈ - અમદાવાદ
- પ.ભ. જયભાઈ જગદીશભાઈ હિરાણી હ. માતુશ્રી નીતાબેન - કેરા
- પ.ભ. લાલજીભાઈ ઝીણા વાઘજીયાણી ધ.પ. રમીલાબેન હ. સાં.યો. રતનબાઈ દેવશી હિરાણી - સુખપર
- પ.ભ. હસન્તીબેન લાલજી વાઘજીયાણી, મનીષ ભાણજી વરસાણી હ. સાં.યો. રતનબાઈ દેવશી હિરાણી - સુખપર
- પ.ભ. અમરબાઈ પ્રેમજી ગોરસીયા - સુખપર
- પ.ભ. અ.નિ. કાનજીભાઈ માવજી ભુવા ગં.સ્વ. ધ.પ. હિરબાઈ કાનજી ભુવા - સુખપર
- પ.ભ. રાધાબાઈ મનજી લીંબાણી - દહીંસરા
- પ.ભ. હંસાબેન નરેન્દ્રભાઈ ઠક્કર હ. સ્મિત નરેન્દ્રભાઈ ઠક્કર - ભુજ
- પ.ભ. કરસનભાઈ રવજી રાબડીયા - સુખપર
- પ.ભ. ઈલાબેન અરવિંદભાઈ ઠક્કર પરિવાર હ. સાં.યો. નીતાબેન - ભુજ
- પ.ભ. હિરજીભાઈ કાનજી રાઘવાણી - બળદીયા
- પ.ભ. અ.નિ. કાનજીભાઈ લાલજી રાઘવાણી હ. ધ.પ. પૂરબાઈ કાનજી - બળદીયા
- પ.ભ. રસીકભાઈ કરસન દેવજી ગોરસીયા - નારણપર
- પ.ભ. જાદવજીભાઈ ખીમજી હિરાણી, રવજીભાઈ ખીમજી હિરાણી, નારણભાઈ ખીમજી હિરાણી હ. સ્વામી પરમહંસદાસજી - ભારાપર (માંડવી)
- પ.ભ. દેવરાજભાઈ વિશ્રામ વાઘજીયાણી હ. સાં.યો. નાનબાઈ - કેરા
- પ.ભ. દિનેશભાઈ મનજી હિરાણી - રામપર
- પ.ભ. પુનિતભાઈ વિનોદ અરજણ કેરાઈ - નારણપર હાલે પર્થ ઓસ્ટ્રેલીયા
- પ.ભ. પિયુષભાઈ વિનોદ કેરાઈ - નારણપર હાલે પર્થ ઓસ્ટ્રેલીયા
- પ.ભ. દક્ષાબેન જાદવજી વરસાણી - સામત્રા
- પ.ભ. માવજીભાઈ રામજી રાબડીયા ધ.પ. વાલબાઈ - સુખપર
- સાં.યો. રામબાઈ રામજી હ. હિરજી નારણ - મદનપર
- પ.ભ. ધરમી ધનજી સેંગાણી હ. સાં.યો. નીતાબેન -

નારણપર (ઉ.વાસ)
- પ.ભ. પ્રેમજીભાઈ કાનજી મનજી હિરાણી - ભક્તિનગર
- પ.ભ. ઈલાબેન અરવિંદભાઈ હ. સાં.યો. નીતાબેન - ભુજ
- પ.ભ. અ.નિ. નાથાભાઈ કાનજી ખેતાણી હ. ધનબાઈ નાથાભાઈ - સુખપર
- પ.ભ. દિનેશભાઈ જાદવજી વરસાણી
- પ.ભ. માવજીભાઈ રામજી રાબડીયા ધ.પ. વાલબાઈ - સુખપર
- પ.ભ. જ્યોતિબેન રમેશ કાબરીયા
- પ.ભ. અ.નિ. અમૃતબેન મોહનલાલ ઠક્કર હ. હસુભાઈ ઠક્કર સાં.યો. સામબાઈ ફઈની પ્રેરણાથી - ભુજ
- પ.ભ. નીતાબેન એસ. પાટડીયા હ. કલ્પેશભાઈ પાટડીયા - ભુજ
- પ.ભ. ભ્રાંતિબેન પી. વોરા - ભુજ

**શ્રી નરનારાયણદેવને રસોડું અર્પણ કરનાર દાતાશ્રીઓ**
- પ.ભ. અ.નિ. મનજીભાઈ શીવજીભાઈ જીવા હિરાણી - મીરજાપર
- પ.ભ. પુરબાઈ રવજી વરસાણી હ. વીરજીભાઈ કરસન મેપાણી - માધાપર
- પ.ભ. વેલબાઈ કાનજી શીવજી ભુવા - સુખપર
- પ.ભ. અ.નિ. ગોવિંદભાઈ મનજી શામજી હિરાણી - ભારાસર
- પ.ભ. કાનજીભાઈ રામજી વાઘજીયાણી - સુખપર
- પ.ભ. અજવાડીબેન સોહાગીયા - અમદાવાદ
- પ.ભ. દેવજીભાઈ કરસન ખેતાણી - ફોટડી
- પ.ભ. ગોપાલભાઈ કેશરા હાલાઈ - કોડકી
- પ.ભ. જાદવજીભાઈ કરસન કેરાઈ - ભક્તિનગર

## શ્રી સહજાનંદ એરલાઈન્સ - પૂર્ણાહુતિ કાર્યક્રમ

ભુજ મંદિરમાં આવેલ વિશાળ હોલમાં તા. ૨૨-૭-૧૪ થી તા. ૧૨-૮-૧૪ સુધી શ્રી સહજાનંદ એરલાઈન્સ તથા હિંડોળા મહોત્સવ યોજવામાં આવેલ હતો. જેને પુર્ણાહુતિ કાર્યક્રમ સાથે યોજવામાં આવેલ. જેમાં ૨૪ ગામના હરિભક્તો તેમજ ભુજના હરિભક્તોની બહોળી સંખ્યામાં ઉપસ્થિતિ હતી. પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ.પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ હિંડોળામાં સેવા આપેલ ભાઈઓનું સન્માન કરેલ. જ્યારે સેવાભાવી બહેનોને સાં.યો. મહંત શામબાઈએ સન્માનિત કરેલ. તેઓએ જણાવેલ કે હરિભક્તો, યુવક મંડળના ભાઈઓ-બહેનો તેમજ સાં.યો. બહેનોએ બહુ જ સારી સેવા આપેલ છે અને શ્રીહરિનો રાજીપો મેળવેલ. વધુમાં જણાવેલ કે તેઓના કામથી અમો ખૂબ જ રાજી છીએ. અને રૂડા આશીર્વાદ આપીએ છીએ. સેવાભાવી દાતાશ્રીઓને પણ આશીર્વાદ આપેલ. કચ્છ તેમજ બહારથી હજારો હરિભક્તો શાંતિથી લાઈનમાં ઊભીને દર્શનનો લાભ લીધેલ.જેની વ્યવસ્થા માટે સંતોના માર્ગદર્શન મુજબ યુવક મંડળના સભ્યો, હરિભક્તો, સાં.યો. બહેનો, યુવતી મંડળની બહેનો દરરોજ જે સેવા આપેલ છે તેમને રૂડા આશીર્વાદ આપીએ છીએ. રાસોત્સવના યજમાનપદે માંડવીવાળા શ્રી વિશ્રામભાઈ શીવજી રાબડીયા હાલે માધાપરવાળા રહેલ હતા.

શ્રી સહજાનંદ એરલાઈન્સ તા. ૧૫-૮-૧૪ થી ૧૭-૮-૧૪ સુધી લંબાવવામાં આવેલ. પંદરમી ઓગસ્ટ તેમજ સાતમ - આઠમના તહેવારો નિમિત્તે હરિભક્તો પ્લેનમાં બેસીને શ્રીહિરની લીલાઓના દર્શન વિશાળ પડદા ઉપર કરેલ. જેનો બહોળી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધેલ હતો.

અહેવાલ :- પ્રાણલાલભાઈ ગોર

# સત્સંગ સમાચાર

## પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞ ગામ માધાપર

ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણ ભગવાનની પરમ કૃપા તથા વડીલ સંતોના તથા માવીત્રોના આશીર્વાદથી ગામ માધાપરના બંને મંદિરમાં અ.નિ. કાનજીભાઈ શીવજી હિરાણી ધ.પ. અ.નિ. પ્રેમબાઈની પુણ્યસ્મૃતિમાં તથા મોક્ષાર્થે એમના સુપુત્ર, સુપુત્રી આદિ હિરાણી પરિવાર તરફથી તા. ૨૮-૭-૧૪ને સોમવારથી તા. ૧-૮-૧૪ને શુક્રવાર સુધી શ્રીમદ્ ભાગવત પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞનું આયોજન ભુજ મંદિરના સંતોમાં સ.ગુ. પુરાણી સ્વામી ધર્મવલ્લભદાસજીના મંડળના સર્વે સંતોના વરદ્ હસ્તે તથા ગામની મંદિરની કાર્યવાહી કમિટી તથા સર્વે સત્સંગી બાઈ-ભાઈના સથવારે સારી રીતે પૂર્ણ કરવામાં આવેલ.

આ પંચાહ્ન પારાયણના વક્તાપદે પુરાણી સ્વામી નારાયણપ્રિયદાસજીએ શ્રીકૃષ્ણ ભગવાનનાં દિવ્ય બાલચરિત્રો ખૂબ જ સાદી ભાષામાં અમૃતપાન કરાવી યજમાન પરિવાર તથા સર્વે ભક્તોને રાજી કર્યા હતા. આ કથા પ્રસંગે સ.ગુ. સ્વામી હરિસેવકદાસજી આદિ સંતો કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિના સહકારથી પધારી દર્શન તથા અમૃતવાણીનો લાભ આપી ભક્તોને રાજી કર્યા હતા.

આ કથા પ્રસંગે કથાના પહેલા દિવસે યજમાન પરિવારના ઘરે રાત્રે ઠાકોરજીની બેન્ડપાર્ટી, લેઝીમ સાથે ધામધૂમથી પધરામણી કરી યજમાન પરિવારે સારો લાભ લીધો હતો અને બીજા દિવસે પણ યજમાનના ઘરે સંતોની પધરામણી કરી લાભ લીધો હતો અને તેજ દિવસે મોરી પટેલ વાડીમાં સંતો ઠાકોરજી સાથે ગામ જમણવાર નિમિત્તે ઠાકોરજીને થાળ ધરાવવા માટે પધારી યજમાનને રાજી કર્યા હતા.

કથા સમાપ્તિના દિવસે બહેનોના મંદિરમાંથી છાબનું સમૈયું વાજતે ગાજતે આવી ગયા બાદ કથાને વિરામ આપી સ.ગુ. સ્વામી દેવકૃષ્ણદાસજીએ યજમાન પરિવારને તથા ગામના સર્વે ભક્તોને રૂડા આશીર્વાદ આપી રાજી કર્યા હતા. ત્યારબાદ ભુજ મંદિર તથા માધાપર મંદિર તરફથી યજમાન પરિવારને પહેરામણી આપી રાજી કર્યા હતા. ત્યારબાદ ભરત મહારાજ હસ્તે ઉત્તરપૂજન, પોથીપૂજન, વક્તાશ્રીનું પૂજન વિધિ કરી સમાપ્તિની આરતી ઉતારી સંતોનુ પૂજન કરી કીર્તન, ધૂન સાથે પંચાહ્ન પારાયણ જ્ઞાનયજ્ઞની સમાપ્તિ કરવામાં આવેલ.

અહેવાલ :- મંત્રીશ્રી અરજણભાઈ, માધાપર

## શ્રી સ્વામિનારાયણ મંદિર સિનુગ્રા - હિંડોળા દર્શન

શ્રાવણ વદ રવિવાર તા. ૨૭-૮-૧૪ના અહીં હિંડોળા કરવામાં આવ્યા હતા. સ.ગુ. સ્વામી ધર્મપ્રસાદદાસજીના મંડળના સંતો અંજારથી સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી તથા સ્વામી ભક્તિવિહારીદાસજી પધાર્યા હતા. અને તેમના વરદ્ હસ્તે હિંડોળાના દર્શન ખુલ્લાં મુકવામાં આવ્યા હતા.

પુજારી શ્રી માધાપરના લાલજીભાઈ દરરોજ હિંડોળાને શણગાર કરી ઝુલાવતા. સિનુગ્રાના સત્સંગી હરિભક્તો સૌ બહુ જ ખુશી વ્યક્ત કરી હતી.

અહેવાલ :- હરીલાલ મુળજી

# રાપર મંદિરે હિંડોળા ઉદ્‌ઘાટન

ભુજ મંદિરના શિખરબંધ મંદિરોમાં ઉમેરો થવાનો છે જ્યાં પથ્થરના શિખરબંધ મંદિરનું કામ પુરજોશમાં ચાલી રહ્યું છે. એવા વાગડના સત્સંગ કેન્દ્ર રાપર મંદિર મુકામે ભુજ મંદિરના પ.પૂ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી તથા સ.ગુ. સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા કોઠારી જાદવજી ભગતની પવિત્ર આજ્ઞા અને આશીર્વાદથી કચ્છ શ્રી નરનારાયણદેવ યુવક મંડળના તથા યુવતી મંડળના આગોતરા અથાક પ્રયત્નથી ભવ્યાતિભવ્ય હિંડોળા તથા અન્ય પ્રદર્શનમાં હિમાલય, રથયાત્રા, તુલસી વિવાહ, ભજન મંડળી, હાટડી, શાકોત્સવ વિગેરેનું ઉદ્‌ઘાટન મંદિર નિર્માણની સેવા સંભાળતા કે.પી. સ્વામી, ગુરુકુલના સંચાલક શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી તથા સ્વામી નૌતમમુનિદાસજી તથા સ્વામી મુકુંદમુનિદાસજીના વરદ્ હસ્તે તા. ૨૭-૭-૨૦૧૪ રવિવારના બપોર પછી ૪:૦૦ કલાકે હરિભક્ત ભાઈ-બહેનો તથા સાં.યો. બહેનો અને રાપર ગુરુકુલના વિદ્યાર્થીઓની હાજરીમાં ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. ચાંદીના હિંડોળાના ઉદ્‌ઘાટનનું મુખ્ય યજમાનપદ પ.ભ. રત્નાભાઈ અવચરભાઈ તથા ખોડાભાઈ અવચરભાઈ ચૌધરીએ ઓછવણીમાં લીધું હતું. હિમાલયનું યજમાનપદ અ.નિ. ભરતભાઈ દાવડા પરિવાર હસ્તે વિનુભાઈ તથા હરિભાઈએ સ્વીકાર્યું હતું. પ્રદર્શન મુખ્ય દ્વારના ઉદ્‌ઘાટનનું યજમાનપદ પ.ભ. ગોકરભાઈ હોથીભાઈ કારોત્રા તથા ઘનશ્યામ દેવા મુંઝાત પરિવારે સ્વીકાર્યું હતું. રાધાકૃષ્ણદેવ ખંડનું યજમાનપદ કોઠારી હરજી હરિ પોલાર પરિવારે સ્વીકાર્યું હતું. એમ દરેક હિંડોળાના જુદા જુદા યજમાનોની વરણી ઉછામણી દ્વારા કરવામાં આવી હતી. અને પોત પોતાના વિભાગની આરતી સંતો સાથે રહીને યજમાનોએ ઉતારી દર્શન જનતા માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતા. ત્યારપછી પ્રસાદનું સર્વને વિતરણ કરવામાં આવ્યું હતું. ગુરુકુળ રાપરના સંતો સ્વામી નૌતમમુનિદાસજીએ તથા સ્વામી મુકુંદમુનિદાસજીએ શ્રાવણમાસ દરમ્યાન એક મહિનો શ્રીમદ્ ભાગવતના દશમસ્કંધની કથા કરવાની જાહેરાત કરી હતી અને એક મહિનો કથાનું શ્રવણ કરાવ્યું હતું. કે.પી. સ્વામીએ હિંડોળાની સેવા કરનાર યુવક મંડળ તથા યુવતી મંડળને શ્રીજીના પ્રસાદી મંદિરોના દર્શનની યાત્રા કરવામાં આવશે તેની જાહેરાત કરી હતા. જુદા જુદા હિંડોળાના કલા પ્રદર્શનમાં ડ્રાયફ્રુટ, કઠોર, ફુલો, લખોટી, રમકડાં, ચલણીનોટો વિગેરેનું ભવ્ય દર્શન કરીને અને લાડુ આપતા શ્રી ઘનશ્યામ મહારાજના હાથે લાડુનો પ્રસાદ લઈ રાપર-વાગડ વિસ્તારના ગામડાઓની ભાવિક પ્રજાએ પોતાને ધન્ય કરી સત્સંગ વિકાસનો અહેસાસ કરાવ્યો હતો.

અહેવાલ :- કેતન બી. દાવડા

# હિંડોળા ઉત્સવ - હિરાપર

દર વર્ષની જેમ શ્રી સ્વામિનારાયણ મંદિર હિરાપર મધ્યે હિંડોળાને વિવિધ વસ્તુઓથી કંડારી આખા મહિના સુધી ભગવાનને ઝુલાવવામાં આવ્યા હતા.

સાં.યો. મહંત રતનબહેનની પ્રેરણાથી સાં.યો. સરસ્વતીબેન, ભક્તિ બહેન તથા પાર્ષદ કવિતાબેન તેમજ અન્ય કર્મયોગી બહેનોના ઉત્સાહ અને સાથ સહકારથી હિંડોળા બનાવીને શ્રીહરિના રાજીપા અર્થે મહોત્સવ ઉજવાયો હતો.

હિંડોળાના નિત્ય દિન યજમાન પદે અનેક હરિભક્તોએ સેવા આપી હતી. ઉત્સવ દરમ્યાન અનેકોની સંખ્યામાં હરિભક્તોએ દર્શનનો લ્હાવો લીધો હતો. સાથે ભાવિક ગ્રામજનોએ મહોત્સવનો અલભ્ય દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

અહેવાલ :- કાનજીભાઈ સુથાર, હિરાપર

શાળાની સિધ્ધિના સોપાન :-

શાળાના સ્થાપનાના વર્ષથી આજદિન સુધી શાળાએ શૈક્ષણિક અને સહશૈક્ષણિક ક્ષેત્રે અનેક સિધ્ધિના સોપાનો સર કર્યા છે.

"Suceess never comes in a day,
What you see has taken years."

શાળામાં વિવિધ પ્રકારના બાળકો આવે છે. દરેક વિદ્યાર્થીની રુચિ, શક્તિ અલગ અલગ હોય તેને અનુલક્ષીને તેમની શક્તિઓનો વિકાસ કરી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે શાળા જાગૃતિ સાથે પ્રયત્નશીલ છે. વિદ્યાર્થીના રસ, રુચિ તથા વલણ અનુસાર શાળામાં સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ જેવી કે વિજ્ઞાન સંબંધી, સાંસ્કૃતિક, સાહિત્યિક, કલા અને કસબ, સંગીત, ગમતગમત વગેરે હાથ ધરવામાં આવે છે. આ તમામ ક્ષેત્રોમાં શાળાના વિદ્યાર્થીઓએ શાળાને આગવી હરોળમાં મૂકી છે. શાળાની સિધ્ધિના સોપાનના સંભરણા અત્રે પસ્તુત છે.

**સંગીત ક્ષેત્રે :-**

૨૦૦૫ - જિલ્લા કક્ષાના યુવા કક્ષાના મહોત્સવમાં ભજન સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થી વેકરીયા દિનેશ પ્રથમ સ્થાને આવેલ હતા. હાલમાં તેઓ શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ ખાતે ભજનપ્રકાસદાસજી સ્વામી તરીકે છે.

૨૦૦૯-૧૦ રાજ્ય કક્ષાની બાળ પ્રતિભા શોધમાં ભજન સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થી પઢારીયા શ્રેયસ રાજેશભાઈ પ્રથમ સ્થાને રહ્યા હતા. આ જ સ્પર્ધામાં લોકગીત વિભાગમાં તેઓ દ્વિતીય સ્થાને વિજેતા રહ્યા હતા.

૨૦૦૯-૧૦ રાજ્ય કક્ષાની 'બાળ પ્રતિભા શોધ'માં લોકવાદ્ય સંગીત વિભાગમાં ભટ્ટ રાગ દિલિપભાઈ દ્વિતીય સ્થાને વિજેતા રહ્યા હતા.

**રમતગમત ક્ષેત્રે :-**

રમતગમત ક્ષેત્રે શાળાના વિદ્યાર્થીઓએ અનેક નવા આયામો રચ્યા છે. હેન્ડબોલ અને વોલીબોલના ક્ષેત્રે તાલુકા, જિલ્લા, રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાએ જીત મેળવી કે પસંદગી પામી શાળાનું નામ રોશન કરેલ છે. યોગાસન અને પિરામીડ દ્વારા શાળાના વિદ્યાર્થીઓએ અનેક વખત શાળાને ગૌરવવંત કરેલ છે.

૧૯૯૬ રાષ્ટ્રીય કક્ષાએ કબડ્ડીના કેમ્પમાં શાળાના વિદ્યાર્થીઓ વરસાણી પુરુષોતમ બી. તથા મેપાણી મનજી મુળજી પસંદગી પામ્યા હતા.

૨૦૦૧-૦૭ શાળાની વોલીબોલ ટીમ સતત સાત વર્ષ સુધી 'જિલ્લા ચેમ્પિયન' રહેલ હતી.

૨૦૦૪-૦૫ રાજ્ય કક્ષાની ગોળાફેંક સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થી ચાવડા હરકિશન નારાળા તૃતિય સ્થાને રહ્યા હતા.

૨૦૦૫-૦૬ રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થી પિંડોરીયા ભાવેશ લાલજીએ તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તે જ સ્પર્ધામાં યાદવ રાજકુમાર અતઈરામ રાષ્ટ્રીય કક્ષાની ટીમમાં પસંદગી પામ્યા હતા.

૨૦૦૭-૦૮ રાષ્ટ્રીય કક્ષાએ હેન્ડબોલ સ્પર્ધામાં હાલાઈ હેમત રવજીભાઈ પસંદગી પામ્યા હતા. તેજ વર્ષે શાળાની હેન્ડબોલ ટીમે રાજ્યકક્ષાએ તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

૨૦૦૮-૦૯ હેન્ડબોલની સ્પર્ધામાં રાષ્ટ્રીય કક્ષાએ છાંગા નંદલાલ ટી. પસંદગી પામ્યા હતા.

૨૦૧૪ શાળાના વિદ્યાર્થી શુકલ ટ્રેવ જયેન્દ્રભાઈ જિલ્લા કક્ષાની બાળ વિભાગ અન્ડર ૧૭ તરણ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી રાજ્ય કક્ષાએ ભાગ લેવાની તૈયારી કરી રહ્યા છે.

**વિજ્ઞાન/શૈક્ષણિક ક્ષેત્રે :-**

૧૯૮૪-૮૫ શાળાના વિદ્યાર્થી દરજી અશ્વિન એમ.એસ.એસ.સી. પરીક્ષા માર્ચ-૮૫માં બોર્ડમાં રાજ્યના ટોપટેનમાં સ્થાન પામ્યા હતા.

૨૦૦૩-૦૪ શાળાના વિદ્યાર્થીઓ છાંગા દિનેશ તથા ગઢવી ધર્મેન્દ્ર વિજ્ઞાન ગુજકોસ્ટ સ્પર્ધામાં રાજ્યકક્ષાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરેલ હતું.

૨૦૦૮-૦૯ ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર પ્રેરિત ''પ્રકૃતિ પ્રશ્ન મંચ'' સ્પર્ધામાં શાળાની ટીમ રાજ્યકક્ષાએ 'રનર્સ અપ' રહેલ હતી.

૨૦૦૯, ગાંધીનગર પ્રેરિત ગણિત-વિજ્ઞાન પ્રદર્શન-૨૦૦૯ રાજ્યકક્ષાએ આણંદ ખાતે યોજાયેલ હતું. આ ૩૭માં પ્રદર્શનમાં આપણી શાળાએ ભાગ લીધેલ હતો.

- ૨૦૧૧ રોટરી ક્લબ ઓફ ભુજ દ્વારા શિક્ષણ ક્ષેત્રે ૨૫ વર્ષથી વધુ સમયનું પ્રદાન આપવા બદલ શાળાને 'ઈન્સ્પિરેશન એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવી હતી.

**એન.સી.સી. :-**

કેન્દ્ર સરકાર દ્વારા ચલાવાતી વિદ્યાર્થીઓ માટેની આ પ્રવૃત્તિનું વિશેષ મહત્ત્વ છે. વિદ્યાર્થી અવસ્થાથી શિસ્ત, સંયમ, રાષ્ટ્રપ્રેમ, એકાગ્રતા, એકતા, સાહસ, નિડરતા અને માનવતાના ગુણો બાળકોમાં ઉતરે અને ભવિષ્યમાં તે રાષ્ટ્રપ્રેમી નીતિમાન નાગરિક બની સમાજને અને દેશને ઉપયોગી થાય તેવા શુભ સંકલ્પની પ્રેરણા આપતી પ્રવૃત્તિમાં આ શાળાના વિદ્યાર્થીઓએ જોડાઈને ઓલ ઈન્ડિયા ટ્રેકીંગ કેમ્પ, ઈન્ટીગેશન કેમ્પ,જેવા અનેક કેમ્પોમાં ૪૦ થી વધુ વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પ્રદર્શન કરી શાળાને ગૌરવ અપાવ્યું છે.

**ગરુજનોની સિધ્ધિ :-**

વિદ્યાર્થીઓની સાથે સાથે શાળાના શિક્ષકોએ પણ સિધ્ધિના સોપાનો સર કર્યા છે.

૨૦૦૯ ઓક્ટોબર માસમાં ચંદીગઢ ખાતે **'Life Skill'** વિષય પર યોજાયેલ રાષ્ટ્રીય કક્ષાની કાર્યશાળામાં શાળના શિક્ષક શ્રી એસ. કે. જાડેજાએ ભાગ લઈ સમગ્ર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરેલ. આ જ વર્ષે એન.એસ.એસ. ડેની ઉજવણી અમદાવાદ ખાતે થયેલ હતી. જેમાં શ્રી એસ.એસ.કે.જાડેજાએ તથા પાંચ એન.એસ.એસ.સી. કેડેટે જિલ્લા વતી પ્રતિનિધિત્વ કરેલ હતું.

૨૦૧૦ આ શાળાના કર્તવ્યનિષ્ઠ શિક્ષક શ્રી ત્રિકમભાઈ છાંગાએ સામાજિક અને રાજકીય ક્ષેત્રે ખૂબ મહત્ત્વનું યોગદાન પૂરું પાડ્યું છે. તેમની સેવાપ્રવૃત્તિ અને દૂરંદેશીના કારણે કચ્છના પ્રજાજનોના હૃદયમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું છે. વર્ષ ૨૦૧૦ થી શ્રી છાંગા સાહેબ કચ્છ જિલ્લા પંચાયતના સર્વોચ્ચ સ્થાને બિરાજી જિલ્લા પંચાયત પ્રમુખનું ગૌરવંતુ પદ સંભાળી સેવા પારાયણ થઈ કચ્છ જિલ્લાના રહેવાસીઓને પોતાની શ્રેષ્ઠ શક્તિનો લાભ આપી રહ્યા છે. રાજકીય ક્ષેત્રે તેમજ પ્રજાજનોમાં અતિપ્રિય એવા આ સરલ સ્વભાવના મહાનુભાવે સારી એવી લોકચાહના મેળવી છે.

૨૦૧૪ 'કચ્છ શક્તિ' મુંબઈ દ્વારા આયોજીત ''નારી જીવનની આજ, ગઈકાલ અને આવતીકાલ'' વિષય પર યોજાયેલ ૩૦૦૦ શબ્દોની નિબંધ સ્પર્ધામાં શાળાના શિક્ષકશ્રી કે.એચ.કોઠડીયા રાષ્ટ્રીય કક્ષાએ તૃતિય સ્થાન પ્રાપ્ત કરેલ હતું.

આ ઉપરાંત દિલિપભાઈ ભટ્ટ દ્વારા રચિત 'શાળા ગીત'ને જિલ્લાકક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત થયેલ હતું.

''નજર કો બદલીયે, નજારા બદલ જાયેગા,
સોચ કો બદલીયે, સિતારા બદલ જાયેગા,
દુનિયા બદલને કી જરૂરત નહીં હૈ,
સિર્ફ દિશા કો બદલો, કિનારે બદલ જાયેગે.''

આવનાર વર્ષોમાં પણ આ શાળાના વિદ્યાર્થીઓ પોતાની સંકલ્પ શક્તિ દ્વારા ઉચ્ચતમ શિખરો સુધી પહોંચી આ સંસ્થાનું નામ રોશન કરે તેવી શ્રી સ્વામિનારાયણ ભગવાન પાસે પ્રાર્થના.

અહેવાલ :- શ્રી વી.એચ.રાવલ, શ્રી ડી.કે.ભટ્ટ, શ્રી એચ.વી. વ્યાસ

# શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ સંચાલિત

## શ્રી ઘનશ્યામ એકેડેમી નારણપરમાં સંસ્કૃત સપ્તાહની ઉજવણી

શ્રી ઘનશ્યામ એકેડેમી નારણપરમાં તા. ૨-૮-૨૦૧૪ થી તા. ૮-૮-૨૦૧૪ સુધી 'સંસ્કૃત ભાષાઓની જનની છે.' એ શીર્ષક હેઠળ સંસ્કૃત સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

ભારતીય સંસ્કૃતિમાં તમામ ભાષાઓમાં સર્વશ્રેષ્ઠ તેમજ બધી જ ભાષાઓનું ઉદ્‌ગમ સ્થાન એવી સંસ્કૃત ભાષાને પ્રાધાન્ય આપવા તથા તેનું મહાત્મય વધારવાના ભાગરૂપે આ સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સપ્તાહ દરમ્યાન દરરોજ શાળાના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત ભાષામાં સુવિચાર, સમાચાર, શ્લોકપઠન, પ્રતિજ્ઞા, વક્તવ્ય વગેરે રજૂ કરવામાં આવતા હતા. સંસ્કૃત સપ્તાહના છેલ્લા દિવસે સંસ્કૃત ભાષાના પિતા ગણાતા ઋષિવર શ્રી પાણીનીના સંસ્કૃત વ્યાકરણમાં તેમના યોગદાન વિષયક વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. શાળાના બાળકો દ્વારા દેશભક્તિ નાટક "ત્રિવર્ણ ધ્વજ" સંસ્કૃત ભાષામાં રજૂ કરવામાં આવ્યું હતું.

સંસ્કૃત સપ્તાહ દરમ્યાન બાળકોને સંતમંડળ દ્વારા વિશેષ પ્રોત્સાહન રૂપે સંસ્કૃતમાં વક્તવ્ય તથા તેનું માતૃભાષામાં અનુવાદ કરી સંસ્કૃતિની શીખ આપવામાં આવતી. વિવિધ શ્લોકોનું ગાયન કરવામાં આવતું તથા તેના જ્ઞાન વિશે સમજ આપવામાં આવતી. શાળા સંચાલક સંતમંડળના સ્વામી ધર્મચરણદાસજી, સ્વામી ઘનશ્યામકેશવદાસજી, સ્વામી દિવ્યપ્રકાશદાસજી તેમજ શાળાના આચાર્યશ્રી જીતેન્દ્ર ખેમચંદે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શાળાના શિક્ષક પંકજ રાજગોર તથા આશા સચદેની દેખરેખ હેઠળ આ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી.

**શ્રી ઘનશ્યામ એકેડેમીમાં ત્રણ ઉત્સવોની એક સાથે ઉજવણી :-** તા. ૮-૮-૨૧૪ શુક્રવારના દિવસે શ્રી ઘનશ્યામ એકેડેમી સ્કુલ નારણપરના વિદ્યાર્થીઓએ સામાજિક, ધાર્મિક તેમજ રાષ્ટ્રીય તહેવારની સામુહિક ઉજવણી કરી હતી. જેમાં સવારે પ્રાર્થનામાં રાષ્ટ્રીય ધ્વજ પર આધારીત સંસ્કૃત નાટક તથા જન્માષ્ટમીને અનુરૂપ નૃત્યગીત અને મટકીફોડ નૃત્ય રજૂ કરવામાં આવ્યા. દરેક વર્ગખંડમાં રાખડી બનાવવાની સ્પર્ધા રાખવામાં આવી હતી. આ સ્પર્ધામાં વિદ્યાર્થીનીઓ અને વિદ્યાર્થીઓએ પણ એટલા જ ઉત્સાહ સાથે જોડાયા હતા.

આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષામાં નાટક, પ્રતિજ્ઞા, સુવિચાર, સમાચાર વગેરે રજુ કર્યા હતા. કે.જી. વિભાગના નાના નાના ભુલકાઓ રાધા-કૃષ્ણની વેશભુષા ધારણ કરી શાળામાં આવ્યા હતા. ત્યારે શાળામાં જાણે બાળગોપાલ સંગે ગોપીઓના દર્શન થયા હતા. શાળાના બાળકોએ જન્માષ્ટમી, સ્વતંત્રદિન, રક્ષાબંધનના તહેવાર પર પોતાના વિચારો પ્રગટ કર્યા હતા. આ કાર્યક્રમમાં શાળા સંચાલક સ્વામી ધર્મચરણદાસજી તથા સ્વામી દિવ્યપ્રકાશદાસજી તથા સ્વામી ઘનશ્યામકેશવદાસજીએ આશીર્વચન પાઠવ્યા હતા. શાળાના આચાર્યશ્રીએ બાળકોને તહેવારોની મજા માણવાની સાથે પોતાનું સ્વાસ્થ્ય કેમ સ્વસ્થ રાખવું એ વિષય પર વિશેષ વક્તવ્ય આપ્યું હતું.

નૃત્ય કાર્યક્રમ, સંસ્કૃત કાર્યક્રમ અને રાખડી સ્પર્ધામાં સર્વે શિક્ષકગણે સાથે મળીને સર્વે બાળકોને માર્ગદર્શન આપ્યું હતું. વાલીઓએ બાળકોને રાખડી બનાવવાની વિશેષ તાલીમ આપી હતી. આ કાર્યક્રમને નિહાળી શાળાના આચાર્યશ્રીએ તથા શિક્ષકગણે બાળકોને ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## શ્રીહરિ વિદ્યામંદિરના પ્રાંગણમાં લહેરાયો ત્રિરંગો

તા. ૧૫-૮-૨૦૪, શુક્રવારના શુભદિને શ્રીહરિ તપોવન ગુરુકુલ ગંગાજી, રામપર-વેકરા દ્વારા સંચાલિત શ્રીહરિ વિદ્યામંદિરના પ્રાંગણમાં રાષ્ટ્રીય ફરજના ભાગરૂપે ત્રિરંગાને માનભેર મુક્ત ગગનમાં લહેરાવામાં આવેલ.

૬૮મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સંસ્થા સંચાલક શાસ્ત્રી સ્વામી દેવચરણદાસજી, પુરાણી સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સ્વામી સત્યજીવનદાસજી, ટ્રસ્ટીશ્રી હરજીભાઈ વેકરીયા, શિ.સમિતિ સદસ્યશ્રી વિજયભાઈ કારા, શાળાના નિયામકશ્રી શીવશંકરભાઈ નાકર, આચાર્યશ્રી, શિક્ષકગણ, વાલીગણ અને વહાલા વિદ્યાર્થીઓ તેમજ વિશેષરૂપે શાળાની મુલાકાત અને રાષ્ટ્રીય ફરજ અદા કરવાના હેતુસર યુ.કે. હેરોમાં માતૃભાષા ગુજરાતીના અભ્યાસ અર્થે શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા કાર્યરત શાળાના સહ આચાર્યશ્રી અરવિંદભાઈ લીંબાણી પૂર્ણકાળ ઉપસ્થિત રહ્યા હતા.

ઈષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન અને વિદ્યાદેવી મા સરસ્વતીનો રાજીપો મેળવવા શાળાના વિશાળ પ્રાર્થનાખંડમાં નિત્ય ગવાતી પ્રાર્થનાના સંગીતના સથવારે શબ્દો રેલાવીને કાર્યક્રમનો પ્રારંભ થયો. ત્યારબાદ મંચસ્થ સંતો અને મહાનુભાવોના વરદ્ હસ્તે ભારત દેશની ગરિમા પ્રગટ કરનાર ત્રિરંગાને મુક્ત ગગનમાં લહેરાવવામાં આવેલ. આ ઘડીએ સૌ ઉપસ્થિતોએ પરંપરાનુસાર રાષ્ટ્રધ્વજને સલામી સાથે રાષ્ટ્રગીત અને ઝંડાગીતના સમુહગાન તેમજ જયઘોષ દ્વારા સન્માનિત કરેલ. ધ્વજવંદનવિધિ સંપન્ન થયા બાદ શાળાના આચાર્યશ્રીએ સૌના સ્વાગત અને પ્રાસંગિક ઉદ્‌બોધનનો દોર સંભાળ્યો હતો. સંસ્થા સંચાલક સ્વામી દેવચરણદાસજીએ આ પ્રસંગે ભાવિ પેઢીને વિશેષતા આપી "દેશ હમેં દેતા હૈ સબ કુછ, હમભી તો કુછ દેના શીખે"ના ભાવને જાગૃત કરનાર આહ્વાનરૂપ પ્રવચન સાથે આશીર્વાદ પાઠવ્યા હતા કે, આ દેશને ફરી વિશ્વગુરુના સ્થાને વિરાજીત કરવા ભગવાન સૌને સાર્મથ્ય આપે.

સંચાલક સંતો, નિયામકશ્રી અને આચાર્યશ્રીના માર્ગદર્શન તેમજ શાળાના તમામ શિક્ષકમિત્રોના સહયોગથી આ પર્વ સફળતાપૂર્વક પૂર્ણ સંપન્ન થયો હતો. સમગ્ર કાર્યક્રમનું વ્યવસ્થાપન અને સંચાલનનું કાર્યભાર એન.એસ.એસ. પ્રો.ઓ.શ્રી નયનભાઈ ચાવડાએ સંભાળ્યું હતું.

અહેવાલ :- નિરવ ઉપાધ્યાય

## રાત્રી પારાયણ તથા હિંડોળા ઉત્સવ - કોડકી

તા. ૧૧-૮-૧૪ થી ૧૫-૮-૧૪ સુધી કોડકી મધ્યે શ્રીહરિસ્મૃતિ તથા ધીરજાખ્યાન ગ્રંથની પંચદિવસીય રાત્રી પારાયણનું આયોજન કરવામાં આવેલ જેના વક્તાપદે સ્વામી શ્યામકૃષ્ણદાસજી, સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી તથા સ્વામી પરમહંસદાસજી રહ્યા હતા. રાત્રી પારાયણ હોવાથી કથાવાર્તા સાંભળવા માટે બહોળી સંખ્યામાં યુવાનો પધારતા હતા. કથાના યજમાનપદે હાલાઈ નારણ લાલજી પરિવારે લાભ લીધો હતો.

ભારતીય સંસ્કૃતિની પરંપરાને ઉજાગર રાખવા તેમજ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં જેમનું વિશેષ મહત્ત્વ છે તેવા હિંડોળા ઉત્સવ અંતર્ગત પણ એક મહિના સુધી યુવક મંડળના યુવાનોએ અવનવી વેરાયટીઓના હિંડોળા બનાવી ઠાકોરજીને હિંડોળે ઝુલાવ્યા હતા. હિંડોળાના અંતિમ દિવસે સમૂહ મહાઆરતી કરી સંતોના આશીર્વાદ લઈ હિંડોળાની સમાપ્તિ કરવામાં આવી હતી.

અહેવાલ :- નારણ રવજી હાલાઈ,કોડકી

# હિંડોળા દર્શન - અંજાર

અષાઢ વદ-૨ થી શ્રાવણ વદ-૨ સુધી આપણા સંપ્રદાયમાં હિંડોળા મહોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉત્સાહપૂર્વક ઉજવાય છે. નીતનવી વસ્તુ-વસ્તુઓથી શણગારેલા કલાત્મક હિંડોળામાં ઝૂલતાં શ્રી ઘનશ્યામ મહારાજનાં દર્શન કરીને પોતાના જીવનને ધન્ય બનાવી ભાવવિભોર થઈને કૃતાર્થ થયાની લાગણી અનુભવે છે. અંજાર મંદિરમાં તા. ૨૭-૭-૧૪ રવિવારે શ્રાવણ સુદ-૧ના શુભદિને ભાઈઓના મંદિરે ત્રણ હિંડોળા, પટાંગણમાં "વૃંદાવનમેં ડોલા", ગોકુળ વૃંદાવનના પરિસરના વનમાં હિંડોળે ઝૂલતાં શ્રી રાધાકૃષ્ણદેવ અને આજુબાજુ વનરાઈ તેમ ગોકળીયુ ગામ કુંજગલી તાદશ્ય અને શ્રીકૃષ્ણ ભગવાને ટચલી આંગળી ઉપર ધારણ કરેલ ગોવર્ધન પર્વત તેમજ ઉપર સતત વરસતો વરસાદ, ગોપ ગોપીઓ, ગોવાળ ગાયોની રક્ષા કરતાં, ગોવર્ધન દર્શન અને ગુફાદર્શનના અનેક હજારો હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. તેમજ બહેનોના મંદિરે બાર-બાર હિંડોળાના દર્શન થયાં હિંડોળા મહોત્સવના ઉદ્‌ઘાટન દરમ્યાન અનેક હરિભક્તોએ ચડાવાનો લાભ લીધો હતો. જેમાં મુખ્ય યજમાન શાંતિલાલ ગોપાલ દબાસીયા-માનકુવા, નારણભાઈ મનજી કેરાઈ-બળદીયા તથા વાલજી કરસન હિરાણી-બળદીયા હાલ નૈરોબીવાળા રહ્યા હતા. ઉદ્‌ઘાટન પ્રસંગે ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજી, સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ્વામી શ્રીહરિદાસજી, સ્વામી દેવકૃષ્ણદાસજી તેમજ માંડવીથી સ્વામી બાલકૃષ્ણદાસજી, ભુજના કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ નાના મોટા સંતો સહિત પાર્ષદ જાદવજી ભગત પધારેલ હતા. તેમજ ગુરુકુળોથી પધારેલ સ્વામી દેવચરણદાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી, ગાંધીધામ ગુરુકુળથી સ્વામી મુક્તવલ્લભદાસજી, માનકુવા ગુરુકુળથી સ્વામી ગોલોકવિહારીદાસજી અને સ્વામી સરયુદાસજી પધારેલ. સમગ્ર ઉદ્‌ઘાટન સમારંભનો સંચાલન સ્વામી દેવચરણદાસજીએ કર્યું હતું.

હિંડોળા મહોત્સવમાં અંજાર મંદિરના મહંત સ્વામી ધર્મપ્રસાદદાસજી, સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી, સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સ્વામી શાંતિપ્રિયદાસજીના માર્ગદર્શન હેઠળ સંતો પુરાણી સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, શાસ્ત્રી સ્વામી કૃષ્ણવલ્લભદાસજી, સ્વામી નિર્ભયસ્વરૂપદાસજી, સ્વામી અદ્‌ભુતચરણદાસજી તથા સ્વામી દિવ્યમુનિદાસજી, સ્વામી કેશવપ્રિયદાસજી, સ્વામી દિવ્યપ્રસાદદાસજી આદિ સંતો તેમજ કચ્છશ્રી નરનારાયણદેવ યુવક મંડળના યુવાન સભ્યો તેમજ નાની નાગલપર તથા બેન્સાવિસ્તારના હરિભક્તો સક્રિય રહ્યા હતા. કોઠારી સ્વામી ભક્તિવિહારીદાસજી તેમજ સ્વામી શ્રીજીનંદનદાસજીનું માર્ગદર્શન અસરકારક રહ્યું હતું.

તા. ૧૨-૮-૧૪ મંગળવાર શ્રાવણ વદ-૨ના હિંડોળાની પૂર્ણાહુતિની આરતી મહંત સ્વામી તથા યજમાન હરિભક્તો દ્વારા રાત્રે ૮:૦૦ વાગે કરીને હિંડોળા મહોત્સવ સંપન્ન કરવામાં આવ્યો હતો.

તા. ૧૭-૮-૧૪ રવિવારે કૃષ્ણ જન્મોત્સવ ઉજવાયો :-

અંજાર મંદિરના પટાંગણમાં રાત્રે ૧૦ થી ૧૨ વાગ્યા સુધીના કાર્યક્રમ દરમ્યાન ધૂન-કીર્તન કરવામાં આવ્યા તથા ૧૧ થી ૧૨ ભગવાન શ્રી કૃષ્ણના જન્મઉત્સવની કથા શાસ્ત્રી સ્વામી કૃષ્ણવલ્લભદાસજીના મુખેથી પોતાની ભાવવાહી શૈલીમાં કથા કરીને હરિભક્તોને રાજી કર્યા તથા ૧૨:૦૦ વાગે કૃષ્ણ જન્મની આરતી સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી દ્વારા હજારો હરિભક્તોની હાજરીમાં સંગીતમય મહાઆરતી કરવામાં આવી હતી. "નંદ ઘેર આનંદ ભયો"ના નાદ સાથે મંદિરના ચોકમાં મટકીફોડનો કાર્યક્રમ યોજાયાબાદ પ્રસાદનો વિતરણ કરવામાં આવ્યો.

કૃષ્ણ જન્મોત્સવના યજમાન વેલજીભાઈ રત્ના સોરઠીયા પુત્ર અશોકભાઈ, મહાઆરતીના યજમાન નીતાબેન જેન્તીલાલ બાંભણીયા પુત્ર રવિ અને દિપેન તથા સોની મીત અને મોહિત અને પ્રસાદના યજમાન સાં.યો. પુષ્પાબેન રતનશી પોકાર રહ્યા હતા.

અહેવાલ :- રમણીક વી. સોલંકી, અંજાર

# હિંડોળા મહોત્સવ : વિશ્રાંતિ ભુવન - મુંબઈ

શ્રી સ્વામિનારાયણ વિશ્રાંતિ ભુવન મુંબઈ મધ્યે તા. ૧૪-૭-૧૪ થી તા. ૧૨-૮-૧૪ દરમ્યાન સંપ્રદાયની પરંપરા મુજબ હિંડોળા બનાવવામાં આવ્યા હતા. જે અંતર્ગત સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી વેદપ્રકાશદાસજી તથા સ્વામી ભજનપ્રકાશદાસજીના માર્ગદર્શન હેઠળ સુંદર નયન રમ્ય હિંડોળા બનાવાયા હતા. જેનો બહોળી સંખ્યામાં હરિભક્તોએ દર્શનનો લાભ લીધો હતો. અને સલારી (વાગડ) મંદિરના સાંખ્યયોગી બહેનો તથા મુંબઈના સત્સંગી બહેનો દ્વારા સુંદર તેમજ રંગબેરંગી હિંડોળા બનાવી ઠાકોરજીને ઝુલાવાયા હતા. સંતોની સુઝબુઝ અને યુવાનોની રાત દિવસની મહેનતથી મંદિરના પટાંગણમાં હિમાલય બનાવવામાં આવ્યો હતો. જેમાં શ્રી નરનારાયણદેવ બિરાજમાન હતા, સાથે ઉત્કૃષ્ટ ૧૨ હિંડોળા પણ પટાંગણમાં રાખવામાં આવ્યા હતા. હિમાલય તથા સમસ્ત હિંડોળાના યજમાન અનુક્રમે આ મુજબ રહ્યા હતા.

કોરાઈબેન પુંજાભાઈ નીશર, ભચાઉ ટ્રસ્ટી મંડળ શાંતિલાલ નોઘાભાઈ ખુથીયા, લાલજીભાઈ કાનજી નીશર, ભગવાનજી લખમશી ખુથીયા, વીરજી નારણ ખુથીયા, ઘનશ્યામ ખીમજી પુનશી નીશર, રતનશીભાઈ જેઠા ખુથીયા પરિવાર રમેશભાઈ હંશરાજ ખુથીયા પરિવાર, દામજી કરસન ખુથીયા, ધરમશી ખીરા ખુથીયા, રણછોડ કેશાભાઈ સાઢા,એક સત્સંગી હરિભક્ત, ધરમશી વેલજી મીણાત, પ્રેમજી ધનજી છભાડીયા, વિશ્રામભાઈ વેલજી પટેલ, દેવરાજભાઈ રામજી પિંડોરીયા, ઘનશ્યામ કેશવજી ખુથીયા, અ.નિ. જેઠાલાલ કાનજી નીશર, રૂપશી ધનજી ખુથીયા, મોતીલાલ રાયસી નીશર, ધરમશી ખીમજી નીશર, રતિલાલભાઈ, નરશી માલસી ખુથીયા નવી મુંબઈ ગ્રુપ, શાન્તાબેન લાલજી ખુથીયા, મણીલાલ પુંજા નીશર, ડાયીબેન વાલજી વાવિયા, બાબુભાઈ કરસન નાગેશ, ધીરજલાલ રાયસી નીશર, રમણીકલાલ રાયસી નીશર આદિ

હિંડોળા દર્શનાર્થે આવતા હરિભક્તોનું આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. અને હિંડોળાના પવિત્ર મહિનાના દર રવિવારે સાંજે સત્સંગ સભાનું આયોજન કરવામાં આવતું હતું. જેનો બહોળી સંખ્યામાં હરિભક્તો લાભ લેતા. પવિત્ર ચાતુર્માસ દરમિયાન સ્વામી નારાયણમુનિદાસજી રોજ સાંજે ૬:૦૦ થી ૭:૦૦ વાગ્યા સુધી ભાગવત કથાનું વાંચન કરી ભક્તોને કથાનો મહિમા સમજાવતા. જે અંતર્ગત દૈનિક કથાના યજમાનપદે ભક્તોએ લાભ લીધો હતો. અને જન્માષ્ટમીના દિવસે ભાગવત કથાની સમાપ્તિ કરવામાં આવી હતી. અને તા. ૧૭-૮-૧૪ રવિવારના રોજ વિશ્રાંતિ ભુવન મુંબઈ મધ્યે શ્રી કૃષ્ણ જન્મોત્સવ જન્માષ્ટમીનો હર્ષોલ્લાસથી મનાવવામાં આવ્યો હતો અને રાત્રી સભાનું વિશેષ આયોજન કરાયુ હતું. જેમાં સાંજે ૭:૦૦ થી ૧૦:૦૦ વાગ્યા સુધી સત્સંગ ડાયરો રાખેલ હતો, જેમાં સુપ્રસિદ્ધ કલાકાર અશ્વિનભાઈ જોષી દ્વારા શ્રીજી મહારાજના નંદ સંતો રચિત કીર્તનોનું સંગીતના તાલે ભક્તોને રસપાન કરાવ્યું હતું. અને પધારેલ સહુ કોઈ ભક્તો મંત્રમુગ્ધ બન્યા હતા. બાદમાં ૧૦:૦૦ થી ૧૨:૦૦ વાગ્યા સુધી સ્વામી ભજનપ્રકાશદાસજીના સુમધુર તથા યુવાનો દ્વારા ઢોલ, ડ્રમના તાલે રાસ રમાયો હતો. જેમાં શ્રી કૃષ્ણ ભગવાનના આગમનની ખુશીમાં યુવકો તથા યુવતીઓ નાના મોટા સહુ કોઈ બાઈઓ અને ભાઈઓ અલગ અલગ બનાવવામાં આવેલ જગ્યાએ મન મૂકીને રાસ રમ્યા હતા. અને ભગવાનના જન્મદિવસને યાદગાર બનાવ્યો હતો. અને બરાબર રાત્રીના ૧૨:૦૦ના ટકોરે શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મોત્સવ મનાવાયો હતો અને નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલકી, હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલકીના નાદથી ચારે દિશાઓ

ગુંજી ઊઠી હતી. અને યુવકો દ્વારા મટકીફોડ કરવામાં આવી હતી, જે જોઈને હાજર રહેલ સહુ હરિભક્તો ખૂબ જ રાજી થયા હતા. બાદમાં બધા દર્શનાર્થી હરોળબદ્ધ રહી ભગવાનને પારણે ઝુલાવી ધન્યતા અનુભવી હતી. અને સંતો દ્વારા સહુ હરિભક્તોને ભગવાનના જન્મની શુભેચ્છા પાઠવી હતી. અને જીવનમાં આપેલ સત્સંગની પરંપરા મુજબ વ્યવહારમાં રહી સંપ્રદાયનો વિકાસ ચારેકોર થાય તેવા સત્કાર્યો કરી શ્રીજી મહારાજ હંમેશા આપણા સહુ ઉપર રાજી રહે, તેવી કાર્યશૈલી અપનાવવા સહુને પ્રેરમા આપી હતી.

અહેવાલ :- પરેશ ટી. સાંખલા

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય ભુજ - સ્વાતંત્ર્યદિનની ઉજવણી

શહેરની સુપ્રસિદ્ધ શાળા શ્રી સ્વમિનારાયણ વિદ્યાલયમાં ૬૮માં સ્વાતંત્ર્યદિનની ઉજવણી શ્રી સ્વામિનારાયણ વિદ્યાર્થી ભવનના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજી, મંદિરના સંતો, કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતા, મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણી, ઉપપ્રમુખશ્રી જનકભાઈ ભટ્ટ તથા ટ્રસ્ટીગણની ઉપસ્થિતિમાં થઈ હતી. શાત્રી સ્વામી હરિવલ્લભદાસજીએ રાષ્ટ્રધ્વજ ફરકાવ્યો હતો.

સ્વાગત અને આવકાર આપતાં આચાર્યશ્રી મગનભાઈ સુથારે સફળતાના શિલ્પી એવા વિદ્યાર્થીઓને નૈતિકતાના મુલ્યોની દેશને જરૂર છે ઉપરાંત દેશસેવા, પર્યાવરણની જાળવણી, સ્વચ્છતા, દેશદાઝની ભાવના વિશે જણાવ્યું હતું.

ત્યારબાદ યોજાયેલા રંગારંગ કાર્યક્રમમાં દેશભક્તિગીતો, નૃત્ય તથા ''પીડાતો આમઆદમી'' નાટક જેવા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કર્યા હતા.

કેળવણી મંડળના પ્રમુખશ્રી ભરતભાઈ મહેતાએ જણાવ્યું હતું કે ''રાષ્ટ્રધ્વજના રંગોને આપણા હૃદયમાં સ્થાપિત કરીએ ત્યારે ખરેખર રાષ્ટ્રીયતા આપણામાં આવશે.'' ઉપરાંત રાષ્ટ્રસેવાનો નિર્ધાર કરીએ, ભ્રષ્ટાચારને પ્રોત્સાહન નહીં આપીએ, હું ક્યારેય પણ અયોગ્ય માગણી સ્વીકારીશ નહીં જેવા સંકલ્પો વિદ્યાર્થીઓને આપ્યા હતા. દેશભક્તિની જ્યોતની સાથે સાથે વિદ્યાર્થીઓને સિધ્ધીઓના સોપાન સર કરી શાળાનું અને દેશનું નામ રોશન કરવા અનુરોધ કર્યો હતો.

કેળવણી મંડળના મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણીએ સ્વાતંત્ર્યદિનના ઈતિહાસમાં વિદ્યાર્થીઓની ભૂમિકા ઉપરાંત રાષ્ટ્રગીત અને રાષ્ટ્રધ્વજમાં રહેલી શક્તિઓની છણાવટ કરી દેશભક્તિનો અનોખો જુસ્સો વિદ્યાર્થીઓને પૂરો પાડ્યો હતો.

આશીર્વચન આપતા વિદ્યાર્થી ભવનના સંચલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીએ વિવિધ દ્રષ્ટાંતો દ્વારા વિદ્યાર્થીઓમાં દેશભક્તિ જાગે તેવા કાર્યક્રમોનું આયોજન કરવું જોઈએ તથા રામાતીર્થ જાપાનના રેલ્વેસ્ટેશનનાં પ્રસંગ દ્વારા સમગ્ર વાતાવરણને દેશભક્તિ યુક્ત બનાવ્યું હતું.

આ પ્રસંગે પ્રમુખશ્રી ભરતભાઈ મહેતા, મંત્રીશ્રી વિનોદભાઈ શિયાણી તથા ટ્રસ્ટીશ્રી જગદીશભાઈ વાઘાણી તરફથી રૂા. ૧૫૦૦/- રોકડા ઈનામ આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતાં. આ પ્રસંગે પ.પૂ. સ્વામી અક્ષકમુક્તદાસજી, પ.પૂ. સ્વામી ભક્તિનંદનદાસજી, કરસનભાઈ રામજી હાલાઈ, જાદવજીભાઈ વેકરીયા તથા શાળાનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

કાર્યક્રમનું સંચાલન હિતેશભાઈ વ્યાસે કર્યુ હતું. કાર્યક્રમને સફળ બનાવવા સર્વે સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

અહેવાલ :- આચાર્યશ્રી મગનભાઈ સુથાર

## થાણા (મુંબઈ)માં હિંડોળા સમાપ્તિ તથા જન્માષ્ટમી મહોત્સવ

ચાતુર્માસ એટલે ઉત્સવો ઉજવવાના ચાર મહિના. એક પછી એક ઉત્સવ. દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી સ્વામિનારાયણ સત્સંગ ભવન-થાણામાં વિશાળ ૧૦ ખંડમાં ભવ્યાતિ ભવ્ય હિંડોળા પ્રદર્શન ગોઠવવામાં આવ્યું હતું. એક મહિના સુધી મુંબઈવાસીઓએ આ પ્રદર્શનને આશ્ચર્યની સાથે ખૂબ જ માણ્યું.

તા. ૧૬-૮-૨૦૧૪ શનિવાર આવા અદ્‌ભુત પ્રદર્શનનો સમાપ્તિનો દિવસ હતો. મુંબઈના હરિભક્તોના આમંત્રણને માન આપી કચ્છ-ભુજ મંદિરેથી થાણા સત્સંગ ભવનના સંચાલક સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી, સ્વામી ભક્તિકિશોરદાસજી તથા સ્વામી સર્વમંગલદાસજી પધાર્યા હતા. સંતો અને યજમાનશ્રીઓએ સાથે મળી હિંડોળા આરતી કરી પ્રદર્શનની સમાપ્તિ કરી હતી.

બીજે દિવસે તા. ૧૭-૮-૨૦૧૪ રવિવાર એટલે કે શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના દિવસે સંતોની આગેવાની હેઠળ સત્સંગ સભા, રાસોત્સવ, મટકીફોડ જેવા વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

તેમાં સૌ પ્રથમ કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનોએ સંગીતના સથવારે કીર્તન અને ધૂનની રમઝટ બોલાવી. ત્યારબાદ સ.ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજીએ ભગવાનનું પૃથ્વી પર અવતરણ અને દરેક અવતારના પ્રયોજન તથા કાર્ય વિશે કથા સંભળાવી હતી. તેમજ શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓ સાથે રમેલા રાસ-ગરબાની યાદી અપાવી સૌને રાસ રમવા પ્રેરિત કર્યા હતા. સૌ હરિભક્તો ભાવ-વિભોર થઈને રાસ રમવા પ્રેરિત કર્યા હતા. સૌ હરિભક્તો ભાવ-વિભોર થઈને રાસ રમી રહ્યા હતા કે બરાબર ૧૨:૦૦ વાગ્યે શ્રીઘનશ્યામ બાળ મંડળના બાળકોએ નાના-નાના ગોવાળિયાના વેશ ધારણ કરી ભગવાન શ્રી બાલકૃષ્ણને પારણિયામાં પધરાવી શ્રીકૃષ્ણ કનૈયા લાલ કી જય... નો જયઘોષ કર્યો. સંતો, યજમાનશ્રી તથા સૌ હરિભક્તોએ સમૂહમાં બાળ પ્રભુની આરતી કરી. આરતી પૂર્ણ થતાં જ સંગીતના સથવારે નંદ ઘેર આનંદ ભયો... જય કનૈયા લાલકી તથા મટકી ફોડ, માખણચોર જેવી ધૂનના તાલે સૌ કોઈ ઝુમી ઉઠ્યા. ત્યારબાદ મટકી ફોડનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો, જેમાં સૌને ખૂબ જ મઝા આવી.

ઉત્સવના અંતે પંચામૃત તથા પંચાજીરીનો પ્રસાદ લઈ સૌ પોત-પોતાના ઘરે ગયા હતા.

અહેવાલ :- મંત્રીશ્રી નારણભાઈ કરશન આરેઠીયા

## શાળા પ્રવેત્સવમાં સંતોના આશીર્વાદ

શ્રી કચ્છ મધાપર પટેલ જ્ઞાતિ મંડળ તરફથી ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદનદાસજીએ નવનિર્માણ સકુંલના પ્રવેશ ઉત્સવમાં ઠાકોરજી તથા સંતમંડળ પધરામણી સ્વીકારેલ. વાલીઓ તથા શિક્ષકો તથા કાર્યકરોએ સાથે રહીને સંતો દ્વારા વિદ્યાર્થીઓને પ્રથમ ભાલમાં કંકું ચંદન તિલક વળે સન્માન કરીને ખુશ કર્યા અને ત્યારબાદ દાતારોને ફૂલહાર વળે તથા શાલની પહેરામણી કરાવેલ અને અભિનંદન પાઠવેલ. વિશેષમાં વડીલ સંતોમાં સ્વામી પ્રેમપ્રકાશદાસજી તથા સ્વામી કેશવપ્રસાદદાસજીએ કહ્યું કે વિદ્યા દાન તો સહુથી ઉત્તમદાન છે. જ્ઞાતિ મંડળના પ્રમુખ જયંતિભાઈ માધાપરીઆ તથા કમિટી સભ્યો તથા વાલીઓ સર્વેને આશીર્વાદ પાઠવ્યા હતા. ત્યારબાદ ઠાકોરજીની આરતી ઉતારીને પ્રસાદ આપવામાં આવેલ. ઉપરોક્ત કાર્યમાં માધાપર સ્વામિનારાયણ મંદિરના પ્રમુખ રવજીભાઈ તથા હરિભક્તોએ પણ હાજરી આપી હતી.

અહેવાલ :- અરજણ લાલજી કચરા ડબાસીયા

# પંચાહ્ન પારાયણ -ભક્તિનગર

ભક્તિનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં કુંવરજીભાઈ નાથા દબાસીયા પરિવાર તરફથી તા. ૧-૮-૧૪ થી તા. ૫-૮-૧૪ સુધી પાંચ દિવસની શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. કથાના વક્તા સ્વામી ઘનશ્યામપ્રસાદદાસજી રહ્યા હતા. ભુજ મંદિરથી સ્વામી હરિબળદાસજી, સ્વામી પ્રેમપ્રકાશદાસજી, સ્વામી જગતપાવનદાસજી તેમજ વડીલ સંતો ભક્તોને આશીર્વાદ દેવા પધાર્યા હતા. સ્વામી શ્રીહરિદાસજીએ ભક્તોને ખૂબ જ રૂડા આશીર્વાદ આપ્યા હતા કે બહુ જ આનંદ થયો. મંદિરમાં પણ ભાગવત કથાનું આયોજન થયું અને ત્રિદિવસીય રાત્રી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તાપદે સ્વામી શ્યામચરણદાસજી, સ્વામી ઘનશ્યામસ્વરૂપદાસજી રહ્યા હતા. યુવાનો, બહેનો તેમજ વડીલને ભગવાન શ્રી સ્વામિનારાયણ સત્સંગ બળ આપે એવા આશીર્વાદ આપ્યા હતા.

શ્રી ભક્તિનગર સ્વામિનારાયણ મંદિર - સામાન્ય સભા : તા. ૧૯-૬-૧૪ ગુરુવારના મંદિરના ચોકમાં સર્વે હરિભક્તોની એક સામાન્ય સભા રાખવામાં આવેલ જેમાં સંસ્થાનો વર્ષ ૨૦૧૩-૧૪નો વાર્ષિક હિસાબ મંત્રીશ્રી દેવજી પ્રેમજી જોધાણીએ વાંચી સંભળાવેલ ત્યારબાદ નવી કમિટીની ત્રણ વર્ષ માટે નિમણૂંક સર્વાનુમતે કરવામાં આવેલ. તે નીચે મુજબ છે.

પ્રમુખ - હરજી લાલજી શામજી હિરાણી, ઉપપ્રમુખ - ખીમજી લાલજી પિંડોરીયા, મંત્રી દેવજી પ્રેમજી જોધાણી, સહમંત્રી - શીવજી શામજી શિયાણી, ખજાનચી - રત્ના દેવરાજ હિરાણી, સભ્યો - રામજી પ્રેમજી કેરાઈ, લાલજી ગોપાલ દબાસીયા, હરજી વેલજી ગોરસીયા, માવજી વિશ્રામ વેલાણી.

અહેવાલ :- મંત્રીશ્રી જોધાણી દેવજી પ્રેમજી

## યોગાસનમાં જીલ્લાકક્ષાએ
## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થીનીઓએ મેદાન માર્યું

રમત ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ દ્વારા આયોજીત તા. ૧૮-૭-૨૦૧૪ ના રોજ જીલ્લાકક્ષાની યોગાસન સ્પર્ધા આધોઈ મુકામે યોજવામાં આવેલ હતી. જેમાં અન્ડર ૧૪, અન્ડર ૧૭ અને અન્ડર ૧૯ ત્રણેય ગ્રુપ મળીને શાળાની કુલ ૧૩ વિદ્યાર્થીઓ વિજેતા થયેલ હતી, જે આગળ રાજ્યકક્ષાએ ભાવનગર મુકામે કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

થ્રો-બોલમાં જીલ્લા કક્ષાએ વિજેતા :-

રમત ગમત કચેરી ભુજ દ્વારા તા. ૨૦-૮-૨૦૧૪નાં રોજ મુન્દ્રા મુકામે જિલ્લા કક્ષાની અન્ડર-૧૪, અન્ડર-૧૭ અને અન્ડર-૧૯ થ્રો-બોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થિનીઓ ત્રણેય ગ્રુપમાં વિજેતા થયેલ છે. આ ત્રણેય ગ્રુપમાં આ શાળાની વિદ્યાર્થીનીઓ રાજ્ય કક્ષાએ કચ્છ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

શાળાની આ વિદ્યાર્થીનીઓની સફળતા બદલ શ્રી સ્વામિનારાયણ મંદિરના પ. મહંત સ્વામી આદિ સંતો, ટ્રસ્ટીમંડળના સર્વે સભ્યો, શાળાના આચાર્યશ્રી તેમજ સમગ્ર શિક્ષકગણે વિદ્યાર્થીનીઓ ઉત્તરોતર પ્રગતિ કરે અને સોનેરી સિદ્ધિઓ મેળવતી રહે તેવી શુભેચ્છા પાઠવી હતી.

અહેવાલ :- આચાર્યશ્રી

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય માંડવી ખાતે શૈક્ષણિક ચિંતન શિબિર યોજાઈ

શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ સંચાલિત શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય માંડવી ખાતે શ્રી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી આયોજિત એક દિવસીય શૈક્ષણિક ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ ચિંતન શિબિરનો હેતુ શિક્ષકોમાં નવી ઉર્જાનો સંચાર કરવાનો તેમજ વિષય શિક્ષકો પોતાના વર્ગો તરફ પૂરી તૈયારી અને જુસ્સા સાથે જાય અને બાળકોને પોતાના જ્ઞાનનો લાભ આપે.

સમારંભના અધ્યક્ષ સ્થાનેથી કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ડૉ. મુકેશભાઈ પટેલે પોતાના ઉદ્‌બોધનમાં પોતાની ઓજસ્વી વાણીથી શિક્ષકોને પોતાના કર્તવ્ય તરફ સજાગ કર્યા હતા. પ્રાચીન તેમજ અર્વાચીન સમયના ઉદા.સાથે પોતાની વાત લાક્ષણિક રીતે રજૂ કરી હતી. આ સિવાય માંડવી કોમર્સ કોલેજના સેવા નિવૃત છતાં સદાય પ્રવૃત શ્રી એસ.કે. ઠક્કરે પણ પોતાની આગવી અદામાં પોતાના વિચારો-મંતવ્યો શિક્ષકો સમક્ષ રજૂ કર્યા હતા. તેમજ કચ્છ યુર્નિવસિટીના ભૂતપૂર્વ રજિસ્ટાર અને હાલે માંડવી સાયન્સ કોલેજના આચાર્યશ્રી ડૉ.અનિલભાઈ ગોરે પણ શિક્ષકો સમક્ષ વિચારો રજૂ કર્યા હતા.

શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ માંડવીના અધ્યક્ષ શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજીએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં તેમણે શિક્ષકોને પોતાના કર્તવ્ય તરફ નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવાની અપીલ કરી, આશીર્વાદ પાઠવ્યા હતા. આ ચિંતન શિબિરમાં માંડવી તાલુકાના ૧૫૦થી વધારે શિક્ષકો અને આચાર્યશ્રીઓએ લાભ લીધો હતો. ચિંતન શિબિરમાં મહેમાનોને શાબ્દિક આવકાર શાળાના આચાર્યશ્રી મદનસિંહ ચાવડાએ આપ્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા એસ.વી.એસ. કન્વીનર શ્રી નીતીનભાઈ ચાવડા, શાળાના આચાર્યશ્રી મદનસિંહ ચાવડા તેમજ શાળાના શિક્ષકોએ જહેમત ઉઠાવી હતી. ચિંતન શિબિર પૂર્ણતાબાદ સર્વે અધિકારી સહિત શિક્ષકો ભોજનરૂપ પ્રસાદ સ્વીકારી વિદાય થયા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલનશ્રી જે.એચ.મહેતાએ કર્યું હતું.

અહેવાલ :- આચાર્યશ્રી મદનસિંહ ચાવડા

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય(વિ.પ્ર.)
## ભુજમાં રસપ્રદ આંતર વર્ગીય ક્રિકેટ મેચ

રમત-ગમતના માધ્યમથી વિદ્યાર્થીઓમાં શિસ્ત, ટીમવર્ક તેમજ ખેલદિલીની ઉન્નત ભાવના વિકસે તેવા ઉમદા હેતુથી શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, વિજ્ઞાન પ્રવાહમાં આંતર વર્ગીય ક્રિકેટ શ્રેણીના અંતે ફાઈનલ મેચમાં ધો.૧૨(વિ.પ્ર.) અને ધો.૧૧(વિ.પ્ર) વચ્ચે રસપ્રદ ટક્કર થઈ હતી, જેમાં ધો.૧૨(વિ.પ્ર)નો જ્વલંત વિજય થયો હતો.

આ સંસ્થાના સંચાલક સ્વામી હરિવલ્લભદાસજી તેમજ સ્વામી અક્ષરમુક્તદાસજીએ ટોસ ઉછાળી ફાઈનલ મેચની શરૂઆત કરાવી હતી. ૧૫-૧૫ ઓવરની આ ફાઈનલ મેચની પ્રથમ ઈનિંગમાં ધો.૧૧ના ખેલાડીઓએ ૧૦ ઓવરમાં માત્ર ૨૪ રન કરી ઓલઆઉટ થયા હતા. ત્યારબાદ ધો. ૧૨ના ખેલાડીઓએ અતિ સુંદર રમત રમતાં માત્ર ૧૦ ઓવરમાં ૬ વિકેટના ભોગે ફાઈનલ મેચને જીતી લીધી હતી. સંમગ્ર શ્રેણીમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ખેલાડી ચંદન વત્સલ(ધો.૧૧)ને આચાર્યશ્રી નિષદભાઈ મહેતા દ્વારા રોકડ પુરસ્કાર આપવામાં આવેલ હતું. ફાઈનલ મેચમાં મેન ઓફ ધ મેચ રહેનાર છાભૈયા જીતેનને વોરા સાહેબ દ્વારા પણ રોકડ ઈનામ આપવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં છ રન(સિક્સ) કરનારને એક-એક બોલપેન આપી પુરસ્કૃત કર્યા હતા.

તદઉપરાંત અમ્પાયર તરીકે રાજેશ ગાગલને અને કોમેન્ટ્રી માટે ગજરા દીપને રોકડ પુરસ્કાર આપવામાં આવેલ હતા.

આ સમગ્ર ક્રિકેટ શ્રેણીમાં અમ્પાયર તરીકે વોરા સાહેબ, ભટ્ટ સાહેબ તેમજ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી રાજેશ ગાગલે સેવા આપી હતી. તથા કોમેન્ટ્રી ગજરા દીપ અને સ્કોરર તરીકે સોરઠીયા નિરજે સેવા આપી હતી. શિક્ષક મિત્રો એવા અલ્પેશ સાહેબ તથા મેઘાબેને સ્પર્ધામાં સફળ બનાવવા યોગ્ય સહકાર આપ્યો હતો. શાળાના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ઉત્સાહભેર આ રમતમાં ભાગ લીધો હતો. આ સમગ્ર સ્પર્ધાને સફળ બનાવવા માટે શાળા સર્વે સ્ટાફે જહેમત ઉઠાવી હતી.

અહેવાલ :- આચાર્યશ્રી નિષદભાઈ મહેતા

## ભુજ શ્રી નરનારાયણ ભગવાનને સર્વસ્વ અર્પણ

માંડવી એ કચ્છના સત્સંગ અને ભુજ મંદિરની શાખાનું એક મુખ્ય મથક છે. ત્યાં બહૂજ મોટા વાડી વિસ્તારમાં વિશાળ સંખ્યામાં આપણા હરિભક્તો રહે છે. આ સત્સંગીઓના દીકરાઓના આભ્યાસ માટે, ભુજ મંદિર દ્વારા શ્રી સ્વામિનારાયણ સંસ્કારધામ ગુરુકુલ ચાલે છે. પણ દિકરીઓ માટે શૈક્ષણીક સંકુલની જરુર હોતાં ભુજ મંદિર તરફથી તે વિશેના વિચારો ચાલી રહ્યા હતા. તેવામાં માંડવી - ભુજ હાઈવે ઉપર, માંડવીથી ચાર કી.મી. દૂરનો પીયાવા વિસ્તાર દરેક રીતે બહુ જ સારો ગણાય. ચારે વાજુ હરિભરિ લીલી વાડીઓ વચ્ચે આઠેક એકરના વિશાળ એરીયામાં વિવિધ પ્રવૃત્તીઓથી સતત કાર્યરત રહેતાં એવાં અનેક સંકુલો સાથેનું શ્રી સહજાનંદ વિકાસ ટ્રષ્ટ નામનું એક મથક આવેલું છે.

અક્ષરનિવાસી પરંભક્ત શ્રી લાલજીભાઈ કેશરા વેકરીયાના સુપુત્રો મેગજીભાઈ લાલજી વેકરીયા, માવજીભાઈ લાલજી વેકરીયા, સામજીભાઈ લાલજી વેકરીયા, વાલજીભાઈ લાલજી વેકરીયા, કરસનભાઈ લાલજી વેકરીયા, રામજીભાઈ લાલજી વેકરીયા એમના અને જમાઈ પ.ભ. મેઘજીભાઈ સાથે મળી, આજથી બાવીસેક વર્ષ પૂર્વે પૂજ્ય મહંત સદ્‌ગુરુ હરિસ્વરુપ દાસજી સ્વામીની આજ્ઞા અને આશીર્વાદ સાથે, તેમજ પૂજ્ય સદ્‌ગુરુ ધર્મકીશોર દાસજી સ્વામીના વરદ હસ્તે ભુમીપૂજન પાયાવિધિ કરિ આ સંકુલની શુભ સરુઆત કરેલી. શ્રી વૃન્દાવન વિહારી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી નરનારાયણ ભગવાનની કૃપા તથા સંતોના આશીર્વાદ સાથે સેવા પ્રવૃત્તીનો વેગ સતતત વધતો રહ્યો. આ એક જ પરિસરમાં (૧) સહજાનંદ હોસ્પિટલ (૨)ગૌશાળા (૩) દિકરીઓ માટે આવાસીય શૈક્ષણીક સંકુલ અને (૪)ભવ્ય મંદિર. આવાં ચાર સંસ્થાઓનાં સંકુલો આવેલાં છે.

આપણા પૂજ્ય મહંત સ્વામીએ દિકરીઓના શિક્ષણ વિશે આ સંસ્થાના ટ્રસ્ટી સંચાલકોને પોતાનો વિચાર જણાવ્યો.

આ સંકુલની સરુઆતથી આજ દિવસ પર્યન્તનાં વિકાશનાં દરેક કાર્યમાં સદાય સત્સંગના નીયમ ધર્મની ખટક સાથે માર્ગદર્શન, પ્રેરણા અને હિમંત આપતાં રહ્યાં છે એવાં ગંગા સ્વરુપ માતૃશ્રી રતનબા આ બાબતથી ખુશ થયાં.અને સર્વેને આ અવસર ઝડપી લેવાની પ્રેરણા આપી. તેથી આ સર્વે સંકુલોના ટ્રસ્ટી મંડળ તથા સંચાલક મંડળ સાથે મળી, આશરે આઠેક એકર જેટલી જમીન સહિત સ્થાવર જંગમ મીલતક સાથે આ દરેક સંકુલો ભુજ શ્રી નરનારાયણ ભગવાનના શ્રી ચરણોમાં બક્ષીસ-દાનરૂપે અર્પણ કરવાનો નિર્ણય કરી ભગવાનની કૃપા, સર્વે સંતોના રુડા આશીર્વાદ અને સમગ્ર હરિભક્તોનો રાજીપો મેળવી લીધો છે.

બળી રાજાની રીતીયે અર્પ્યુંં ભુમીનું દાન,
પાત્ર પ્રભુ પોતે મળ્યા પુરુષેત્તમ ભગવાન.

ભુજ મંદિરના મહંત સ્વામી સહિત સમગ્ર સંતો તથા

ટ્રસ્ટી મંડળે આ બાબતને સહર્ષ સ્વિકારી થતી પ્રક્રિયા પૂર્ણ કરી.

આ વિષયક જાણ કરવા માટે સમગ્ર માંડવી વીસ્તારના સર્વે હરિભક્તોની, શ્રાવણ વદ એકાદશી, ગુરુવાર, તા.૨૧, ૮, ૧૪ના રોજ સવારે માંડવી મંદિરે શ્રી સહજાનંદ સભામંડપમાં જાહેર સભા બોલાવામાં આવી. તેમાં માડવી મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી, વડીલ સંતો સદ્‌ગુરુ મુકુન્દજીવનદાસજી સ્વામી, સદ્‌ગુરુ હરિબળદાસજી સ્વામી સહિત સમગ્ર સંત મંડળ ઉપરાંત ભુજથી પૂજ્ય મહંત સ્વામી સાથે સદ્‌ગુરુ પ્રેમપ્રકાશદાસજી સ્વામી, સદ્‌ગુરુ શ્રી હરિદાસજી સ્વામી, સદ્‌ગુરુ દેવકૃષ્ણદાસજી સ્વામી, સદ્‌ગુરુ કોઠારી ભગવત્જીવનદાસજી સ્વામી, દેવપ્રકાશદાસજી સ્વામી, પુરાણી મહાપુરુષદાસજી સ્વામી,પુરાણી પરમહંસદાસજી સ્વામી વિગેરે સંતો તથા કોઠારી પાર્ષદ જાદવજી ભગત ખાસ આ સભા માટે પધાર્યા. તેમજ અંજારથી મહંત સ્વામી કોઠારી સ્વામી વિગેરે સંતો પણ પધાર્યા હતા. આ ઐતીહાસીક પ્રસંગની સભામાં અઢી હજારથી ઉપરની સંખ્યામાં હરિભક્તો ઉપસ્થીત રહ્યા.આ વિશાળ સભામાં આપણા ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી ધર્મનંદનદાસજી સ્વામી એ આ સમગ્ર બાબતની સવિસ્તાર રજુઆતથી જાહેરાત કરી. સંત સભામાં સદ્‌ગુરુ પ્રેમપ્રકાશદાસજી સ્વામી, કોઠારી પાર્ષદ જાદવજીભગત, માંડવી મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી બાલકૃષ્ણદાસજી સ્વામી, સદ્‌ગુરુ પુરાણી શ્રીહરિદાસજી સ્વામી, તથા કોઠારી રવજીભાઈ માવજી ભુડીયા એ પોતાના પ્રવચન દ્વારા આ બાબતનું સમર્થન કર્યું. સભામાં ઉપસ્થીત સર્વે હરિભક્તોએ ઉત્સાહની તાળીઓના નાદ સાથે આ બાબતને સહર્ષ સ્વીકારી, વધાવી લીધી.

શ્રી દેવની દયા અને સંતોના શુભાશિષના બળે અનેક વર્ષોની અવિરત મહેનતથી વિવિધ પ્રકારની પ્રવૃત્તી અને પ્રગતી વાળાં આ ચાર ચાર સંકુલો ભુજ શ્રી નરનારાયણ ભગવાનના શ્રી ચરણોમાં અર્પણ કરતા ઉદાર અને સત્સંગ સમર્પણ દીલના પાંચે ભાઈઓ સાથે છઠા બનેવીનું પૂજ્ય મહંત સ્વામીના વરદ હસ્તે, રાજીપો અને આશીર્વાદના પ્રતીક રુપે શ્રી નરનારાયણ ભગવાનની પ્રસાદીની પુષ્પમાળા પહેરાવી, સાલ ઓઢાળી બહુમાન કરવામાં આવ્યું. તથા આવાં ભવ્ય સમર્પણની પ્રેરણા આપનાર, સત્સંગનાં રત્નસમાન પૂજ્ય માતૃશ્રી રતનબા માટે પણ તેવુંજ બહુમાન આપવામાં આવ્યું.આ અવશરે માતૃશ્રી રતનબા તથા બનેવી સાથે પાચે ભાઈઓ સહિત સમગ્ર પરિવાર ઉપર ચારે બાજુથી સૌકોઈના અંતરના શુભાશિષ સાથે ધન્યવાદ વરસી રહ્યા હતા.ધન્યવાદ છે આ રતનબાને - જનની જણ તો ભક્ત જણજે ક દાતાર ક શૂર.ધન્યવાદ છે આવા ઉદાર દાતાઓને, જેણે મા અને મહંત સ્વામીની ઈચ્છાને પૂર્ણ કરી.

આ દરેક બાબતની વ્યવસ્થા માંડવી મંડળના સર્વે સંતો સાથે કોઠારી સ્વામી ભગવત્જીવનદાસજી તથા સ્વામી દેવપ્રકાશદાસજીએ સંભાળી હતી. તથા શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રકાશદાસજી તથા માંડવી મંદિરના કોઠારી પુરાણી શ્રી પ્રકાશદાસજીએ સુચારુ રીતે સભા સંચાલન વ્યવસ્થા સંભાળી અદ્‌ભૂત કાર્યને સરળ અને સફળ કર્યુ હતું.

હવે તે સમગ્ર સંકુલ પ્રવૃત્તિના સુચારુ સંચાલન અને વિકાશ માટે ભુજ મંદિર તરફથી સમીતીની રચના કરવામાં આવી છે.

પૂજ્ય મહંત સ્વામીના વચને સર્જન અને સેવાની જવાબદારી સ્વીકારનાર સમિતિ

કોઠારી સ્વામી ભગવદજીવનદાસજી, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી, જે તે સમયે માંડવી મંદિરના કોઠારી સ્વામી તેમજ પ્રમુખશ્રી હરજીભાઈ ગાંગજી વેકરીયા - માંડવી, ઉપપ્રમુખશ્રી માવજીભાઈ લાલજી વેકરીયા - પિયાવા, મંત્રીશ્રી દેવજીભાઈ પ્રેમજી સુરજાણી - માંડવી,ખજાનચીશ્રી અરજણભાઈ રવજી હાલાઈ - નાગલપર, સભ્યોશ્રી લાલજીભાઈ મનજી ગાજપરીયા

- પિયાવા, લખમણભાઈ લાલજી વરસાણી - નાગલપર, ભીમજીભાઈ વાલજી હિરાણી - ભારાપર, શીવજીભાઈ કરસન છભાડીયા - પિયાવા, લાલજીભાઈ જાદવા વાગજીયાણી - માંડવી, કિશોર દેવજી હિરાણી, ટ્રસ્ટીશ્રીઓ મૂળજીભાઈ કરસન શિયાણી - ભુજ, શશીકાંતભાઈ ગૌરીશંકર - ભુજ, વડીલોમાં ખીમજીભાઈ રામજી હાલાઈ - નાગલપર, દેવજીભાઈ વીરજી હિરાણી - માંડવી, મેઘજીભાઈ લખમણ હિરાણી - પિયાવા. અવશરે માતૃશ્રી રતનબા તથા બનેવી સાથે પાચે ભાઈઓ સહિત સમગ્ર.

અહેવાલ :- કોઠારી સ્વામી ભગવત્જીવનદાસજી

## ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર આયોજિત

**સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન**

**સં.૨૦૭૧ ફાગણ વદ અમાસ તા. ૨૦-૩-૧૫ શુક્રવારથી ચૈત્ર સુદ ૭ તા. ૨૬-૩-૧૫ ગુરુવાર નારાયણ યજ્ઞ ચૈત્ર સુદ ૮ તા. ૨૭-૩-૧૫ શુક્રવાર**

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સ્વામી સ.ગુ. પુરાણી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની પ્રસન્નતાર્થે આગામી તા. ૨૦-૩-૧૫ થી તા. ૨૭-૩-૧૫ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, કોઈ બ્રહ્મનિષ્ઠ સંતની પુણ્યસ્મૃતિમાં પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૧,૦૦૦/-**
પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે
૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે

વિષ્ણુયાગમાં ૧ પોથી પાછળ
૧ જોડલું બેસી શકશે.

**૧ પોથીના યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦ પાસ આપવામાં આવશે.**
**સંહીતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહી હોય તેમાં ૨૧ પ્રખર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે**

*જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો ફોટો તથા સુખડનો હાર લાવી શકાશે, સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.*

કથા સ્થળ :- શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ, ભુજ-કચ્છ. ફોન નં. ૨૫૦૨૩૧, ૨૫૦૩૩૧.

# ભાવભર્યું આમંત્રણ

વિદ્યા વિનાનો માનવ પશુ સમાન છે. વિદ્યાલયો મનુષ્યમાં શિક્ષણ અને સંસ્કારો દ્વારા માનવતાના ગુણોનું સિંચન કરી તેની પ્રગતિમાં પ્રેરક બળ પુરવાર થાય છે. આપણા ભુજ મંદિર દ્વારા સત્સંગીઓના જીવન વિકાસમાં શિક્ષણની પ્રવૃત્તિઓ દ્વારા નોંધપાત્ર યોગદાન આપવામાં આવે છે.

કન્યા કેળવણી ક્ષેત્રે પ્રાથમિક થી કોલેજ સુધીનું શિક્ષણ કન્યાઓને રહેવાની સગવડ સાથે આપવામાં આવે છે. કન્યાઓ માટેના અદ્યતન સુવિધાઓથી સજ્જ ભવ્ય વિદ્યાલય (કોલેજ બિલ્ડીંગ)ના બાંધકામનું કાર્ય પૂર્ણતાના આરે છે. જેનો ઉદ્ઘાટન સમારોહ તા. ૧૯,૨૦,૨૧-૧૨-૨૦૧૪ બુધવારના રોજ ધામધૂમથી ઉજવવાનું આયોજન છે.

તે જ રીતે હજારો સત્સંગીઓના જીવન ઘડતર, સમૃદ્ધિ અને સામજિક પ્રતિષ્ઠા માટે કારણભૂત છે એવી આપણી શૈક્ષણિક સંસ્થા શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજને ૫૦ વર્ષ પૂર્ણ થયા હોઈ 'સુવર્ણ જયંતી'ની ભવ્યાતિ ભવ્ય ઉજવણી અન્વયે તા. ૨૯,૩૦ અને ૩૧-૧૨-૨૦૧૪ના સોમ, મંગળ અને બુધવારના રોજ કરવાનું નિર્ધારેલ છે.

આ બંને અવસરે ઉપસ્થિતિ રહી અવસરના આનંદમાં અભિવૃધ્ધિ કરવાનું આપને ભાવભીનું આમંત્રણ પાઠવતાં હર્ષ અનુભવીએ છીએ.

આશીર્વાદ સહ જયશ્રી સ્વામિનારાયણ!

-મહંત સ્વામી

# માંડવીમાં વિવિધ ઉત્સવો

હિંડોળા મહોત્સવ :-

ભારતદેશ ઉત્સવ પ્રધાનદેશછે. તેમાં પણ સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઉત્સવોની પરંપરા હંમેશા રહી છે. ઉત્સવથી જીવનમાં નવો ઉત્સાહ આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી સ્વામિનારાયણ મંદિર માંડવીમાં હિંડોળાનું આયોજન કરવામાં આવ્યું હતું. એક માસ સુધી સંતો, નરનારાયણદેવ યુવકમંડળ, અને યુવતીમંડળના અથાગ પરિશ્રમથી તૈયાર કરાયેલા વિવિધ કલાત્મક હિંડોળામાં ઠાકારજીને પધરાવીને હરિભક્તોએ પ્રેમથી ઉછમણીમાં ઉંચો આંક આપીને ઠાકોરજીને ઝુલાવ્યા હતા. વિશેષમાં મંદિરના મધ્યભાગમાં છત, થાંભલાઓ, અને કમાનોને સુવર્ણ (શ્રીડી પટ્ટી)થી શણગારવામાં આવ્યું હતું. ઠાકોરજીની આગળ સુંદર ચાંદીના હિંડોળામાં ઠાકોરજીને ઝુલાવ્યા હતા. અને સહજાનંદ સભામંડપમાં સિંહવતી ગુફાની અંદર ૧૨ હિંડોળા, કંથકોટમાં કચરાભગતને ત્યાં શાક વેંચતા શ્રીજીમહારાજ, કાળયવનનો મુચકુંદ રાજાના શ્રાપથી થયેલો વિનાશ, બે સંતોને રોટલા જમાડતો નાનો બાળક (અચ્યુતદાસજી), પ્રાચીન વૈદિક પરંપરા અનુસાર યજ્ઞ કરતા ઋષિમુનિઓ, માનકુવામાં મલીન દેવતાઓની પૂજાનો નિષેધ કરતા શ્રીજીમહારાજ, ભુજમાં રાજના કારભારી મુસલમાન ફતેહમહંમદનો શ્રીજીમહારાજ સાથે મેળાપ, સુખી કુટુંબ અને દુઃખી કુટુંબ, વગેરે જીવનમાં પ્રેરણાદયી આબેહૂબ દ્રશ્યો કંડારવામાં આવ્યાં હતા. માસને અંતે વિધિપુર્વક ઠાકોરજીની આરતી કરીને પ્રસાદ વિતરણ કરીને હિંડોળા ઉત્સવની સમાપ્તી કરવામાં અવી હતી.

કથા પારાયણ :-

જુન મહિનાની કથા તા. ૨૧ થી ૨૪

શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવીમાં સદ્. બ્રહ્મચારી વૈષ્ણવાનંદ સ્વામી રચિત ભગવાન શ્રીસ્વામિનારાયણના ચરિત્રોથી ભરપુર ભક્તિશાસ્ત્ર શ્રીમદ્ સત્સંગિભૂષણ પંચાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા માંડવીના લાલજીભાઈ વિરજી ભુડીયા યજમાન પદે રહ્યા હતા. અને વક્તાપદે શા. સ્વામી શુકમુનિદાસજી અને શા. સ્વામી અક્ષરમુનિદાસજી રહીને પોતાની સુમધુર શૈલીમાં હરિભક્તોને ચતુર્થ અંશની કથા સંભળાવી હતી. કથાને અંતે કીર્તન ધૂન કરીને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જુલાઈ મહિનાની કથા તા.૨ થી ૬ સુધી શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવીમાં સદ્.ભુમાનંદસ્વામી રચિત શ્રી ઘનશ્યામ મહારાજના ચરિત્રોથી ભરપુર શ્રીઘનશ્યામ લીલામૃતસાગર પંચાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રેમજીભાઈ રવજી કેરાઈ ધ.પ.લાલબાઈ, સુત જીતેશભાઈ રહ્યા હતા. જેમાં શા. સ્વામી શુકમુનિદાસજી અને પુરાણી સ્વામી દેવવિહારીદાસજી વક્તાપદે રહીને સુમધુર શૈલીમાં હરિભક્તોને ઉતરાર્ધની કથા સંભળાવી હતી.

ઓગસ્ટ મહિનાની કથા તા. ૨૮થી ૧ સપ્ટે. સુધી શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવીમાં સદ્. કૃષ્ણાનંદ સ્વામી રચિત ભગવાન શ્રીસ્વામિનારાયણના ચરિત્રોથી ભરપુર ભક્તિશાસ્ત્ર શ્રીહરિચરિત્રામૃતનું પંચાહ પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા માંડવીના અ.નિ પરેશભાઈ મનસુખ રાબડીયા યજમાન પદે રહ્યા હતા. અને વક્તાપદે પુરાણી સ્વામી દેવવિહારીદાસજી અને સાધુ વિવેકમુનિદાસજી રહિને પોતાની સુમધુર શૈલીમાં હરિભક્તોને કથા સંભળાવી હતી. કથાને અંતે કિર્તન ધૂન કરીને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું.

જન્માષ્ટમી મહોત્સવ :-

પુરૂષોત્તમનારાયણનું પ્રાગટ્ય એ અવનિનું અહોભાગ્ય છે. શિક્ષાપત્રીમાં શ્રીજીમહારાજ પોતાના

ભક્તજનોને આજ્ઞા કરતાં કહેલ છે કે આશ્રિતોએ શ્રીમદ્ ભાગવતના દશમ સ્કંધનો અવશ્ય પાઠ કરવો અથવા વર્ષે એકવાર જરૂર કરવો. અને જન્માષ્ટમી, શિવરાત્રી આદિક વ્રતોના ઉત્સવો આદર પૂર્વક કરવા. એ આજ્ઞા મુજબ શ્રીસ્વામિનારાયણ મંદિર માંડવીમાં ચાતુર્માસ દરમ્યાન સવારે શિક્ષાપત્રી ભાષ્યની કથા અને સાંજે સંપુર્ણ શ્રીમદ્ ભાગવતની કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. અને શ્રાવણ વદ આઠમના જન્માષ્ટમીનો ઉત્સવ ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો. દિવસ દરમ્યાન હરિભક્તો કથા – વાર્તા, ધૂન – કીર્તન કરીને ભક્તિમય બન્યા હતા. રાત્રીના સમયે બેન્ડવાજાં સાથે મંદિરના મેદાનમાં રાસોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સંતો, યુવાનો અને બાળકોએ ખુબજ ઉત્સાહ પુર્વક રાસોત્સવ માં ભાગ લઈને ઠાકોરજીની પ્રસન્નતા મેળવી હતી. યુવતીઓ, અને બાલીકાઓ માટે સાં.યો.બહેનોના મંદિરમાં મર્યાદા પ્રમાણે અલગથી વ્યવસ્થા કરવામાં આવી હતી. કળીયુગમાં કીર્તન ભક્તિને શ્રેષ્ઠ કહેલી છે. કીર્તન ભક્તિથી પ્રભુ તરત જ પ્રસન્ન થાય છે. વળી જેમ પોતાના સગા સંબધીઓ માટે ખર્ચ કરીએ છીએ તેવી જ રીતે ઉત્સાહપૂર્વક ઠાકારજીને અર્થે અને સંતો - હરિભક્તોને અર્થે ખર્ચ કરવો જોઈએ. એમ પુ. પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ કીર્તનભક્તિનો અને સંતો – હરિભક્તોનો મહિમાં સમજાવ્યો હતો. ત્યારબાદ મધ્યરાત્રીએ ઠાકોરજીની આરતી કરીનો નરનારાયણદેવ યુવકમંડળ દ્વારા મટકીફોડનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ત્યારપછી પંચામૃત અને પંચાજીરીનો પ્રસાદ વિતરણ કરવામાં આવ્યો હતો.

અહેવાલ :- સાધુ વિવેકમુનિદાસજી

## શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજ સુવર્ણજયંતી - ૨૦૧૪

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલય, ભુજને ૫૦ વર્ષ પૂર્ણ થતાં સુવર્ણ જયંતી મહોત્સવની ઉજવણીનો પ્રારંભ ભુજ મંદિરના પ્રાતઃસ્મરણીય મહંત સ.ગુ. પુરાણી સ્વામી શ્રી ધર્મનંદનદાસજીના આશીર્વાદ અને અનુમતિથી થઈ ચૂક્યો છે. ૨૦૧૪ના વર્ષ દરમ્યાન વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા ઉજવણી કરવામાં આવી રહી છે.

શ્રી સ્વામિનારાયણ વિદ્યાલ, ભુજમાં અભ્યાસ કરી ગયેલા દેશ-વિદેશમાં વસતા તમામ વિદ્યાર્થીઓ આ ઉત્સવમાં ભાગ લે તેવી વડીલ સંતોની અપીલના અનુસંધાને નિવેદન કે દેશ-વિદેશના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પોતાની માહિતી વહેલી તકે નીચેના સરનામે પહોંચાડે, જેથી તેમનો સંપર્ક શક્ય બને અને આમંત્રિત કરી શકાય.

**માહિતીની વિગત :**- નામ, શૈક્ષણિક લાયકાત, પોસ્ટલ એડ્રેસ, ઈ-મેઈલ, ફોન નંબર, મોબાઈલ નંબર, વ્યવસાય, વતનના ગામનું નામ વગેરે માહિતી આપવી.

**માહિતી મોકલવાનું સરનામું :-**

E-mail : ssvbhuj@yahoo.com

શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય, સંસ્કાર નગર, ભુજ-કચ્છ.

### :: ૧૧મી શ્રી સ્વામિનારાણ સત્સંગ શિબિર ::

આગામી તા. ૨૮ ઓક્ટોબરથી ૧ નવેમ્બર કારતક સુદ-૫ થી કારતક સુદ-૯ સુધી પંચદિવસીય ભવ્ય નિવાસી સત્સંગ શિબિર યોજવવામાં આવેલ છે. જેમાં રાત્રી રોકાણ કરનારને ફોર્મ ભરવાના રહેશે જ્યારે બીજા ભક્તો સવાર સાંજ શિબિરનો લાભ લઈ શકશે.

# વિદેશ સમાચાર



## શ્રી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામનો ૩૭મો પાટોત્સવ

શ્રી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામ મધ્યે ૩૭મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે સવારમાં શિક્ષાપત્રી, વચનામૃત અને સાંજના શ્રીમદ્ સત્સંગિજીવન ભાગવત સપ્તાહ પારાયણ તા. ૨૮-૭-૨૦૧૪ થી તા. ૩-૮-૨૦૧૪ સુધી આયોજન કરવામાં આવ્યું હતું. યજમાનપદે ગામ બળદીયાના કલ્યાણભાઈ વીરજી વેકરીયા સહપરિવાર રહ્યા હતા.

પારાયણના વક્તાપદે સવારના સત્રમાં પુ.સ્વામી પરબ્રહ્મજીવનદાસજી અને સાંજના સત્રમાં પુ.સ્વામી બ્રહ્મમુનિદાસજીએ અંગ્રેજી તથા ગુજરાતીમાં કથાનું રસપાન કરાવ્યું હતું.

કાર્યક્રમ : રવિવાર તા. ૨૭-૭-૧૪નાં સાંજની કથાબાદ મંદિરની નવી કારપાર્કનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ત્યાંથી પોથીયાત્રા લઈ મંદિરે પધાર્યા હતા. કારપાર્ક ઉદ્‌ઘાટનમાં ઉંચો આંક પાઉન્ડ આપીને ગામ નારણપરના પ.ભ. સુરેશભાઈ પ્રેમજી ગોરસીયા પરિવાર રહ્યા હતા.

મંગળવાર તા. ૨૯-૭-૧૪નાં શ્રાવણ સુદ ૨ના રોજે સવારની કથાબાદ હરિકૃષ્ણ મહારાજનો ૩૭મો વાર્ષિક અભિષેક સંતો, યજમાન અને સર્વે ઓલ્ડહામના હરિભક્તો સાથે મળીને સમુહમાં આરતી કરવામાં આવી હતી.

શુક્રવાર તા. ૧-૮-૧૪ના દર વર્ષ મુજબ સાંજની કથાબાદ B.B.Q.નો પોગ્રામ પણ રાખેલ હતો.

શનિવાર તા. ૨-૮-૧૪ રોજે સવારના મહાપૂજા પણ રાખેલ તેમાં ઘણા બાઈઓ અને ભાઈઓએ લાભ લીધેલ હતો.

સવારની કથાબાદ બાળકો માટે FUNDAY રાખેલ તેમાં છોકરાં માટે રમત-ગમત અને સાંજની કથાબાદ સંગીત કાર્યક્રમ પણ રાખેલ તેમાં ઓલ્ડહામ મંદિરના યુવક અને કાર્ડીફ મંદિરના યુવકોએ સંગીતની રમઝટ જમાવી હતી. ત્યારબાદ બે ઠાકરથાળીનો કાર્યક્રમ એક કથાના યજમાન તરફથી અને બીજી ગામ નારણપરના દિનેશભાઈ માધવજી ભુડીયાના ઘેર પુત્ર આદિત્યના જન્મ નિમિત્તે રાખવામાં આવેલ હતી. સર્વે હરિભક્તોને સંગીત તેમજ રાસોત્સવમાં ખૂબ જ મજા માણી હતી.

રવિવાર તા. ૩-૭-૨૦૧૪ના કથા પૂર્ણાહુતિ બાદ બે ચડાવા કરવામાં આવ્યા હતા. એક પાટોત્સવનો અને બીજો ધ્વજનો તેમના મુખ્ય યજમાન પાટોત્સવની આરતીના ગામ કેરાના પ.ભ. હરિશભાઈ શીવજી પાંચાણી પરિવાર ઊંચો આંક આપીને લીધેલ હતો. અને ધ્વજના યજમાન ગામ ઓલ્ડહામના યુવક-યુવતી મંડળે ઉંચો આંક આપીને લાભ લીધેલ હતો. સાથે સમૂહ પ્રસાદરૂપી ભોજનપણ લીધેલ હતું.

**શ્રી સ્વામિનારાયણ મંદિર ઓલ્ડહામ - જન્માષ્ટમી :-**

તા. ૧૭-૮-૨૦૧૪ના રવિવારે અહિં ઓલ્ડહામ મંદિરમાં ભગવાન શ્રી કૃષ્ણના જન્મ રાત્રે ૭:૩૦નું પ્રાગટ્યની આરતી કરી સર્વે સત્સંગીઓ આરતીમાં જોડાયા હતા.

ત્યારબાદ ''નંદ ઘેર આનંદ ભયો''ના જય ઘોષની સાથે રાસોત્સવ પણ માણેલ હતો. તેમાં મંદિરમાં જે જન પધારેલ તે સર્વે રાસોત્સવમાં જોડાયા હતા.

અહેવાલ :- નારણભાઈ કારા, ઓલ્ડહામ

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - લંડન

શ્રી સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરો મધ્યે હિંડોળાનો ઉત્સવ ધામધૂમથી ઉજવાયો. ભક્તોએ નવા નવા હિંડોળા શણગારીને ઠાકોરજીને રાજી કર્યા તેમજ આપણા મંદિરના શ્રી શિક્ષણકેન્દ્ર બિલ્ડીંગનું બાંધકામ પૂર્ણ થયું છે. અને તેમાં ઘનશ્યામ નર્સરી તથા ગુજરાતી શાળાના ક્લાસીસ તેમજ એક હોલ પણ બનાવવામાં આવેલ છે. અને રવિવાર તા. ૩-૮-૨૦૧૪ના આપણા પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ મંદિરે દર્શનાર્થે પધાર્યા હતા અને આરતી ઉતારી અને તેમના પાવન પગલાં કર્યા હતા. મોટી સંખ્યામાં હરિભક્તોએ આ કાર્યમાં ભાગ લીધો હતો. બીજું રવિવાર તા. ૨૦-૭-૨૦૧૪ આપણા મંદિરની સામાન્ય વાર્ષિક સભામાં ખજાનચી શ્રી ધનજીભાઈ કરસન વરસાણી તરફથી આવક જાવકના હિસાબ વાંચી સંભળાવેલ અને વર્ષ ૨૦૧૪-૨૦૧૫ની કાર્યવાહિક સમિતીની ચૂંટણી કરવામાં આવેલ જેમાં નીચે મુજબ સભ્યોની નામાવલિ છે.

પ્રમુખશ્રી વિશ્રામભાઈ વાગજીયાણી- દહીંસરા, ઉપપ્રમુખશ્રી સુરેશભાઈ શીવજી રાબડીયા - માંડવી, મંત્રીશ્રી કાનજીભાઈ મનજી કેરાઈ - રામપર, સહમંત્રીશ્રી નિતેશભાઈ વિશ્રામ હિરાણી - માંડવી, ખજાનચીશ્રી ધનજીભાઈ કરસન વરસાણી - કેરા, સહખજાનચીશ્રી ધનજીભાઈ પરબત હાલારીઆ - કેરા, મદદનીશશ્રી લલીતભાઈ કરસન ભંડેરી - માંડવી,

સભ્યો અરવિંદભાઈ કરસન ભેડેરી - માંડવી, દેવજીભાઈ વિશ્રામ હાલાઈ - દહીંસરા, જાદવજીભાઈ કાનજી કેરાઈ - બળદીયા, નારણભાઈ વેલજી ભુડીયા - નારણપર, દેવજીભાઈ કરસન માયાણી - દહીંસરા, રીકીનભાઈ દીનેશ કેરાઈ - માંડવી, ધીરજભાઈ ધનજી રાબડીયા - વાડાસર, હરીશભાઈ કરસન જેસાણી - દહીંસરા, અરવિંદભાઈ હાલાઈ - દહીંસરા, ધનજીભાઈ લાલજી રાબડીયા - સરલી, ભાવેશભાઈ દીનેશ પિંડોરીયા - દહીસરા

અહેવાલ :- મંત્રીશ્રી કનજીભાઈ મનજી કેરાઈ

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર - બોલ્ટન

દર વર્ષની જેમ આપણા બોલ્ટન શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પવિત્ર શ્રાવણ માસમાં હિંડોળાના દિવસો દરમ્યાન હરિભક્તો ભાઈઓ તેમજ બહેનો, જુદા જુદા હિંડોળાઓ બનાવીને ભગવાનને હિંડોળામાં ઝુલાવીને રાજી કરેલ. તેમજ પવિત્ર શ્રાવણ માસમાં દરરોજ સવારે મહાદેવજીનું પૂજન કરવામાં આવેલ.

રવિવાર તા. ૧૭-૮-૧૪ના જન્માષ્ટમીના દિવસે શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મદિવસ પણ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવેલ. તેમજ જન્મની આરતી સૌથી ઊંચો આંક આપી કરીને ગામ દહીંસરાના શીવજીભાઈ કેશરા હાલાઈ તથા ગામ માંડવીના કલ્યાણભાઈ લાલજી વેકરીયા આ બંન્ને હરિભક્તો સાથે મળીને પરમાત્મા શ્રીકૃષ્ણની જન્મની આરતી ઉતારવાનો લાભ લીધો હતો.

અહેવાલ :- પ્રમુખ મનજીભાઈ ગાંગજી હાલાઈ

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર
## સાઉથ ઈસ્ટ લંડન વુલ્વીચ - ૨૯મો વાર્ષિક પાટોત્સવ

તા. ૮-૮-૧૪ શુક્રવાર થી તા. ૧૦-૮-૧૪ રવિવાર સુધી આપણા મંદિરનો ૨૯મા વાર્ષિક પાટોત્સવ પ્રસંગે શ્રી કચ્છલીલામૃતસાગરનું ત્રણ દિવસીય પારાયણનું આયોજન કરવામાં આવેલ. જેનો શુભ પ્રારંભ તા. ૮-૮-૧૪ શુક્રવાર સવારના ૮:૦૦ કલાકે ભુજ મંદિરના વિદ્વાન સંતો તેમજ યજમાનશ્રીઓના સાંનિધ્યમાં કરવામાં આવેલ. સભામંડપનું આયોજન આપણા મંદિરની બાજુમાં સ્કુલના ગ્રાઉન્ડમાં કરવામાં આવેલ હતું અને કથા પારાયણના વક્તા ભુજ મંદિરના પુરાણી સ્વામી પરબ્રહ્મજીવનદાસજીએ પોતાની સુરીલી ભાષામાં કથા મૃતનું પાન કરાવેલ અને ભક્તજનોને રાજી કર્યા અને સંતો પણ રાજી થયા. સભાસંચાલક પદ શાસ્ત્રી સ્વામી સૂર્યપ્રકાશદાસજીએ સંભાળેલ અને કથા પ્રસંગને અનુલક્ષીને ભક્તજનોને સરળ ભાષામાં સમજાવેલ.

તા.૧૦-૮-૧૪ રવિવાર આપણા મંદિરના પાટોત્સવ પ્રસંગનો મુખ્ય દિવસ શ્રાવણ સુદ ૧૫ રક્ષાબંધનનો પવિત્ર મંગલકારી દિવસ શ્રી હરિકૃષ્ણ મહારાજનો પંચામૃતથી અભિષેક કરવામાં આવેલ. જેમાં ભુજ મંદિરના વિદ્વાન સંતો તથા યજમાનશ્રીઓના સાંનિધ્યમાં કરવામાં આવેલ. જેમાં તમામ ભાવિક ભક્તજનોએ લાભ લીધો હતો. અભિષેકના મુખ્ય યજમાન આપણા મંદિરના સત્સંગી બહેનોએ વધુ આંક આપી આ અનેરો લાભ લીધો હતો. અને આ પવિત્ર દિવસે ઠાકોરજી આગળ અન્નકૂટ ધરાવવામાં આવેલ. અન્નકૂટ પ્રસાદના યજમાનશ્રી ભીમજીભાઈ કુંવરજી હાલાઈ સહપરિવાર રહ્યા હતા. અને અન્નકૂટ દર્શન આરતીના યજમાનશ્રી રમેશભાઈ લાલજી હાલાઈ તથા ચેતનભાઈ લાલજી હાલાઈ તથા મેહુલભાઈ વિનોદ ભુડીયાએ આંક આપી આ મહાઆરતીનો લાભ લીધો હતો. તેમજ ધ્વજના યજમાન કું. રૂસીલ રવીલાલ કારાએ આંક આપી લાભ લીધો હતો. ત્યારબાદ શ્રી હરિકૃષ્ણ મહારાજનો અભિષેક આરતી તથા અન્નકૂટ દર્શનની આરતી ઉતારવામાં આવેલ. જેમાં તમામ ભક્તજનોએ લાભ લીધો હતો.

ત્યારબાદ પૂજ્ય સ.ગુ. સ્વામી કેશવજીવનદાસજીએ સભાજનોને આશીર્વાદ આપેલ. તેમજ ભુજ મંદિરથી પૂજ્ય મહંત સ્વામીનો આશીર્વાદ પત્ર વાંચી સંભળાવવામાં આવેલ. ત્યારબાદ મંદિરના પ્રમુખશ્રી લાલજી શામજી હાલાઈએ તમામ સભાજનોને આભાર માન્યો તેમજ મંત્રીશ્રી ધનજી પ્રેમજી ડુંગરાણીએ નૂતન મંદિરનો અહેવાલ સંક્ષેપમાં સભાજનોને સંભળાવેલ અને અત્યારે આપણા મંદિરનું ડેમોલેશન કામ ચાલે છે અને જે પ્રમાણે નૂતન મંદિરના કાર્યની પ્રગતિ થતી જશે તે પ્રમાણે આપને જાણકારી આપતા રહીશું.

અહેવાલ :- મંત્રીશ્રી ધનજીભાઈ પ્રેમજી ડુંગરાણી

**:: અક્ષરવાસ ::**

ગામ સુખપર જુનાવાસના પ.ભ.નાથાભાઈ મનજી વેકરીયા ઉ.વર્ષ ૭૨ તા. ૯-૮-૨૦૧૪ શનિવારના રોજ શ્રીજી મહારાજનું સ્મરણ કરતાં શ્રીજી મહારાજના ધામમાં સિધાવ્યા છે. દિવ્ય આત્માને શ્રીહરિ શાંતિ આપે તેવી પ્રાર્થના.

# શ્રી ઘનશ્યામ બાળસંદેશ

શા. સ્વામી સંતસ્વરૂપદાસજી



## અષ્ટસિધ્ધિઓ શ્રી હરિની સેવામાં

બાલમિત્રો, જય શ્રી સ્વામિનારાયણ... અષ્ટસિધ્ધિઓના સ્વામી શ્રી ઘનશ્યામમહારાજ છે. જયારે બોલાવે ત્યારે અષ્ટસિધ્ધિઓ સેવામાં હાજર રહે છે. તો તે વિષેની એક વાર્તા સાંભળી શું.

એકવાર ભક્તિમાતાને એમના ભોજાઇ સુંદરીબાઇએ પુંછ્યું તમારા માટે જમવા કાંઇ બનાવી લાવું? ત્યારે ભક્તિમાતા એ ધીમેથી કહ્યું,ધીરે રહીનો બનાવી લાવો.પછી સુંદરીબાઇ રસોડામાં જઇને રસોઇ બનાવવા લાગ્યા.અહીં ભક્તિમાતાને ભૂખ તો ઘણી લાગી હતી,પણ ભાભીને ધીરે રહીને બનાવવાનું કહ્યુ છે એટલે શું કરવું? આમ સંકલ્પ કરે છે તે ઘનશ્યામ જાણી ગયા અને માતાનો સંકલ્પ જાણીને અષ્ટસિધ્ધિઓને આજ્ઞા કરી એમ શ્રીહરિની ઇચ્છાથી અષ્ટસિધ્ધિઓ ભક્ષ્ય,ભોજ્ય,લેહ્ય ચોષ્ય એ ચાર પ્રકારના ભોજનના થાળ ભરી લાવીને ભક્તિમાતાના સમીપે મૂકીને બોલી,હે દાદીમા! તમારા માટે અમો આ ભોજન લાવ્યા છીએ.તમોને જે ભોજન ભાવે તે જમો.ત્યારે ભક્તિમાતા બોલ્યાં જે,તમો કોણ છો?ત્યારે તેઓ બોલ્યા જે અમો સિધ્ધિઓ છીએ તમારા માટે રસોઇ બને છે તેને હજી વાર છે અને તમને ભૂખ પણ ઘણી લાગી છે.માટે અમો આ તમારા પુત્ર સાક્ષાત પુરુષોત્તમ નારાયણ છે તેમની ઇચ્છાથી આ થાળ લાવ્યા છીએ.ત્યારે ભક્તિમાતા બોલ્યા જે અમારાથી

આ ભોજન કેમ જમાય?ત્યારે માતાનો આ શબ્દ સાંભળીને ઘનશ્યામ મહારાજ બેઠા થઇને બોલ્યા જે,હે દીદી! દેવોનું લાવેલું અન્ન તો જમાય.એમ કહીને થાળ માંથી પોતે એક ગ્રાસ જમ્યા અને માતાને કહ્યુ હવે જમો.ત્યારે ભક્તિમાતા રાજી થઇને જમ્યાં,પછી સિધ્ધિઓએ જળપાન કરાવી અને ઘનશ્યામ મહારાજના પ્રસાદનો મહાત્મ્ય જાણીને પોતે પણ પ્રસાદ લીધો.પછી સુંદરીબાઇ શિરો કરીને લાવ્યાં ત્યાં ભક્તિમાતાના બાજુમાં રૂપવાન અને દિવ્ય વસ્ત્રો તથા અલંકારોથી સજ્જ અત્યંત તેજસ્વી શરીરવાળી સ્ત્રીઓને જોઇને ભક્તિમાતા પ્રત્યે બોલ્યા જે,હું તમારા માટે જમવાનું લાવી છું તે જમો,અને આ બાઇઓ કોણ છે? ત્યારે ભક્તિમાતાએ સંકેત કરીને કહ્યું કે ઘનશ્યામને પૂછો.એટલે સુંદરીબાઇએ ઘનશ્યામને પૂછ્યું.ત્યારે ઘનશ્યામ હસતા હસતા બોલ્યા,હે મામી! તમોને રસોઇ કરતાં ઘણી વાર લાગી જેથી મારી ઇચ્છાથી આ સિધ્ધિઓ થાળ લઇ ને આવી છે તે અમારી માતા જમ્યાં અને હું પણ જમ્યો.હવે તમે લાવ્યાં તે તમે જમો.તેવું સાંભળીને આનંદ પામતાં હતાં.

પછી ઘનશ્યામ મહારાજે સિધ્ધિઓ સામું જોયું એટલે સિધ્ધિઓએ હાથ જોડી કહે છે હે મહારાજ ! આજ અમો કૃતાર્થ થયા હવે અમે ભક્તિમાતા તથા તમારા માટે દરરોજ બબ્બે વાર નવીન ભોજન નિત્ય જમાડવા આવશું.ત્યારે ઘનશ્યામ મહારાજ બોલ્યા કે,અમારી મામીને રસોઇ કરતાં વાર લાગે તો તમે ભોજન લાવજો.ત્યાર પછી ઘનશ્યામ મહારાજને વંદન કરી સર્વે સિધ્ધિઓ રજા લઇને ચાલી તેને સુંદરીબાઇ વળાવવા ગયા તે નારાયણસરોવરના કાંઠે ગયા અને ત્યાં મહુડા ના વૃક્ષ નીચે સર્વે સિધ્ધિઓ ઊભી રહી સુંદરીબાઇને મળીને અદ્રશ્ય થઇ ગઇ.આવું અદ્‌ભૂત ચરિત્ર જોઇને સુંદરીબાઇ આશ્ચર્ય ચકિત થઇ ગયા.પાછા ઘેર આવ્યા ત્યારે ધર્મદેવ અને રામપ્રતાપભાઇ ચોતરા ઉપર બેઠા હતા.રામપ્રતાપભાઇએ પૂછ્યું હે મામી!તે કોણ હતાં? ત્યારે સુંદરીમામીએ સંપૂર્ણ હકીકત વિગતવાર કહી. આવા હતા પ્રતાપી આપણા ઘનશ્યામમહારાજ..

## -: જ્ઞાન સરિતા :-

૧. રાધાષ્ટમી કયા દિવસે આવે છે ?
  (અ) શ્રાવણ સુદ ૮ (બ) ભાદરવા સુદ ૮
  (ક) આસો સુદ ૮ (ડ)ભાદરવા વદ ૮

૨. શ્રી રામપ્રતાપજીનો જન્મ કઇ સાલમાં થયો હતો ?
  (અ) ૧૭૧૮ (બ)૧૮૧૭
  (ક) ૧૮૨૫ (ક) ૧૮૧૮

૩. વરાહ અવતાર લઇ ભગવાન કોની રક્ષા કરી હતી ?
  (અ) પૃથ્વી (બ) આકાશ
  (ક) જળ (ડ) પ્રહલાદજી

૪. મનડે ભાવી રે સખી મનડે ભાવી, આ કિર્તન કોણે બનાવ્યું છે ?
  (અ)પ્રેમાનંદ સ્વામી (બ) દેવાનંદ સ્વામી
  (ક) દયાનંદ સ્વામી (ડ) બ્રહ્માનંદ સ્વામી

૫. સત્સંગીજીવનના પ્રકરણ કેટલા છે ?
(અ) ૧૦ (બ) ૪ (ક) ૯ (ડ) ૫
૬. સતીગીતા ગ્રંથ કોણે બનાવેલો છે ?
(અ) મુકતાનંદ (બ) રામદાસજી
(ક) સુખાનંદ (ડ) શુકાનંદ
૭. કન્યાકુમારી ભારતના કયા છેડે આવેલું છે ?
(અ) ઉત્તર (બ) પૂર્વ
(ક) દક્ષિણ (ડ) પશ્ચિમ

## -: શબ્દ રચના :-

નીચે મુકેલા વાકયોમાં આડા અવડા શબ્દો મુકેલા છે તે શબ્દોને વ્યવસ્થીત ગોઠવી સાચુ વાકય બનાવો. ઉદાહરણ તરીકે નીચેનું વાકય જુવો.

૧, અને મળે આલોક જ છે સુખ સદાચરથી પરલોકમાં
સદાચરથી જ આલોક અને પરલોકમાં સુખ મળે છે
૨, આ વર્તાવું અનુસરીને નિરંતર જ શિક્ષાપત્રીને
૩, ન કોઈ જીવપ્રાણીમાત્રની પણ હિંસા કરવી
૪, અહિંસા મોટો છે તે શાસ્ત્રોમાં છે કહ્યો ધર્મ જ
૫, પણ નહિ કરવો વિષે આત્મઘાત તીર્થને
૬, કે પાન દારુ નહિ ભક્ષણ માંસનું કરવું
૭, ચોરીનું પણ નહિ કર્મ માટે ધર્મકાર્ય કરવું
૮, પણ બોલવા નહિ અપશબ્દો કયારેય
૯, નહિ અને પરધર્મ કરવું કલ્પિત ધર્મનું આચરણ
૧૦, તેના દેવો હોય કૃતઘ્ની ત્યાગ કરી સંગનો

### સરનામું

નામ.........................................................
ગામ .......................તાલુકો........................
ઉંમર............શાળા.........................................
ધો.............. મો.ન.........................................

૮. ગુજરાતમાં સૌથી મોટી નદી કંઈ છે ?
(અ) તાપી (બ) નર્મદા (ઉ) મહી (ડ) સબરમતી
૯. કોનો ત્યાગ કરી દેવો ?
(અ) જુગારનો (બ) વ્યસનનો
(ક) તમાકુનો (ડ) અ.બ.ક.ત્રણેનો
૧૦. વમન જયંતીની આરતી કેટલા વાગે કરવામાં આવે છે ?
(અ) બપોરે ૧ ૨ (બ) બપોરે ૧ ૧
(ક) સવારે ૯ (ડ) રાત્રે ૧૦

## -: ગત જ્ઞાનસરિતાના જવાબો :-

ગર્ગાચાર્ય,લાભ-શુભ,શ્રાવણ વદ ૮,બ્રહ્માનંદ સ્વામી, ૧૦, સુખાનંદ સ્વામી,ઉત્તરપ્રદેશ,વાઘ, ૪ વાગ્ય, સૂર્યઉગ્યા પહેલા,અ,બ,ક,ત્રણે

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| એ | ક | દં | ત | | | | વિ | ના | ય | ક |
| સો | મ | ના | થ | | | | રા | મે | શ્વ | ર |
| લં | બો | દ | ર | | | | ધૂ | મ્ર | કે | તુ |
| ના | ગે | શ્વ | ર | | | | બૈ | દ્ય | ના | થ |
| વિ | ઘ્ન | ના | શ | | | | ગ | ણા | ધ્ય | ક્ષ |
| ધૃ | ષ્ણે | શ્વ | ર | | | | ભી | મ | ના | થ |
| ગ | જા | ન | ન | | | | ભા | લ | ચં | દ્ર |
| સુ | મુ | ખ | ⊖ | | | | વિ | શ્વ | ના | થ |
| ⊖ | ક | પિ | લ | | | | વિ | ક | ટ | ⊖ |
| | ⊖ | ⊖ | કે | દા | ર | ના | થ | ⊖ | ⊖ | |
| | ⊖ | ⊖ | ત્ર્યં | બ | કે | શ્વ | ર | ⊖ | ⊖ | |
| | | ⊖ | ગ | જ | ક | ર્ણ | ક | ⊖ | | |

## -:ઉખાણાં:-

કાળો છે પણ કાગ નહિ, દરમાં પેસે પણ ઉંદર નહિ,
વૃક્ષ પર ચડે પણ વાનર નહિ, ચાર પગ પણ ઢોર નહિ,

માથે તાજ શોભતો, મેઘ દેખી એ નાચતો,
ગળું ફાડી એ બોલતો, જંગલની શોભા વધારતો,

એક નગરમાં ઘણા ચોર, તે ચોરનાં મોં કાળા,
પૂછ પકડી ઘસો તો, ઝટ થાય અજવાળા

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

| રકમ | દાતાનું નામ | ગામ | વિગત |
|---|---|---|---|
| ૧૦૦૦/- | ધનજી કેશરા કલ્યાણ પિંડોરીયા | દહીંસરા હાલે લંડન | સુપુત્ર ચિ. સુનિલ અને સુપુત્રી ચિ. ચંદાબેનના લગ્ન નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૦/- | વાલજીભાઈ નાનજી ગોગારી | ઘડાની | હિંડોળા મહોત્સવ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૩૦૧/- | ભાવિક કલ્યાણ ભુડીયા | માધાપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | ધર્મેન્દ્ર રવજી ભીમજી કેરાઈ | મેઘપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | પ્રતિક ચંદ્રવદન મહેતા હસ્તે ચંદ્રીકાબેન | જામખંભાળીયા | બેબીના જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૩૦૦/- | અ.નિ. કાનજી શીવજી હિરાણી તથા અ.નિ. ધ.પ. પ્રેમબાઈની પુણ્ય સ્મૃતિમાં બંને મંદિરોમાં પંચાહ્ન પારાયણ નિમિત્તે હ. સુપુત્ર તથા સુપુત્રી હિરાણી પરિવાર હ. અરજણભાઈ | માધાપર | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૦/- | કસ્તુરબેન મહેશ ગોવિંદ વરસાણી | માધાપર | તેમને ત્યાં પુત્ર રત્ન જન્મ નિમિત્તે શ્રી હ. જયેશભાઈ વરસાણી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | શ્રી નરનારાયણદેવ કન્સ્ટ્રકશન કાું. | કોડકી | પવિત્ર શ્રાવણમાસ નિમિત્તે શ્રી હસ્તે મુકેશભાઈ વરસાણી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | ખુશાલ પ્રેમજી જાદવા જોધાણી | ભક્તિનગર માનકુવા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | પ્રેમજી જાદવા રામજી જોધાણી | ભક્તિનગર માનકુવા | શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | હરિશ નારણભાઈ વેકરીયા | સુખપર | દીકરીના જન્મ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૧/- | ગોવિંદ કરસન વરસાણી | માધાપર | શ્રી સહજાનંદ એરલાઈન્સ નિમિત્તે શ્રી નરનારાયણદેવને ભેટ |
| ૨૦૦/- | તૃષ્ટી હિતેશ વિશ્રામ રૂપાલીયા | સુખપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૧/- | દક્ષા રવજી હાલાઈ | મેઘપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦/- | સાકરબેન નારણભાઈ ચોટલીયા | પીપલાણા | અ.નિ. થવાથી તેમના મોક્ષાર્થે |
| ૧૦૦/- | લક્ષ્મણ કલ્યાણ ચોટલીયા | પીપલાણા | ધ.પ. અ.નિ. મંગુબેન અ.નિ.ચેતનાબેનના મોક્ષાર્થે ભેટ |
| ૩૦૦/- | અરજણ લાલજી કચરા દબાસીયા | માધાપર | લંડનમાં શૈક્ષણિક યુ.નિ.માં પૌત્રી જેસીકા, નીના તેમજ દોહિત્રી મીતલ, વિના, અનિતા પાસ થતાં |
| ૧૦૦/- | હિંમતકુમાર લખમશી ઠક્કર | ભુજ | નવી ગાડી વેગેનઆર ખરીદી તે નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | જ્યોત્સનાબેન મહેન્દ્ર જાદવજી ભુડીયા | માધાપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૦૦૦/- | સીયાબેન હરિશ ગોપાલ રાબડીયા | સુખપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૩૦૦/- | રમેશ વાલજી વરસાણી | કોડકી | દક્ષા સાથે સગપણ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૦૦/- | કાન્તિલાલ લાલજીભાઈ હિરાણી | કોડકી | મનીષા સાથે સગપણ થતાં તે નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૫૧/- | દિશાબેન સુનિલભાઈ પોકાર | દયાપર હાલે વલસાડ | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૧૧/- | નીતા એમ. પટેલ હ. શિવજીભાઈ માસ્તર | માધાપર હાલે કોઈમ્બતુર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૧/- | વીના જયરાજ મેપાણી હ. માયા | હાલે ઈસ્ટલંડન | ચંપાબેનની સુપુત્રીના લગ્ન નિમિત્તે શ્રી શિવજીભાઈ નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૧૫૦/- | રોનક ગોવિંદ સેંઘાણી | નારણપર | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પસાયતી પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | હિતેશ અરજણ કેરાઈ | રામપર વેકરા હાલે લંડન | પુત્ર રત્ન શયનના જન્મ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | કસ્તુર મયુર વેકરીયા હ. અરજણ દેવજી | બળદીયા હાલે ઓસ્ટ્રેલીયા | ઓસ્ટ્રેલીયામાં નવું પેટ્રોલ સ્ટેશન ખરીદયું તે નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૫૦૦/- | મનજી રામજી હીરાણી | નારણપર | નવા મકાનના વાસ્તુ નિમિત્તે શ્રી હરિ પ્રસન્નતાર્થે ભેટ |
| ૨૧૧/- | પાર્થ હરેશ પ્રવિણચંદ્ર | ભુજ | જન્મદિવસ નિમિત્તે શ્રી નરનારાયણદેવ પ્રસન્નતાર્થે ભેટ |







વાર્ષિક પાટોત્સવ દરમ્યાન શ્રીહરિકૃષ્ણ મહારાજનો અભિષેક કરતા સંતો તથા મહાપૂજા કરતા ભક્તો અને કૃષ્ણ જન્માષ્ટમીની આરતી ઉતારતા ભક્તો અને બેનો - યુ.કે. (ઓલ્ડહામ)




ટાન્ઝાનીયા - દારેસલામ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં હિમાલય તથા હિંડોળા દર્શન



હિંડોળા બનાવતી સાં.યો. બહેનો ભુજ - સુખપર

RNI NO. GUJGUJ/2001/5643 **Shree Swaminarayan Dharmasandesh** Regd. No. GKCH-158/2012-2014
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ STG OFFICE WPP Lic No. G-PMG-RJT/001/UPTO 31-12-2014

## શ્રી સ્વામિનારાયણ મંદિર અંજારમાં ઉજવાયેલ

# શ્રીવૃન્દાવનમે ડોલ મહોત્સવની આછી ઝલક













